RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 223 Dt. 5-12-2024 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

સૌથી મોટા સાયબર રેકેટનો પર્દાફાશ

# સવા અબજની છેતરપીંડી ઝડપી પાડતું CBI

## ૧૦ સ્થળોએ પાડ્યા દરોડા : છેતરપિંડી કરનારાઓ વેબસાઈટ, વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ભારતીય નાગરિકોને નિશાન બનાવી રહ્યા છે

નવીદિલ્હી, તા. ૪

સીબીઆઈએ બુધવારે રૂ. ૧૧૭ કરોડની આંતરરાષ્ટ્રીય સાયબર છેતરપિંડીના સંદર્ભમાં દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) તરફથી મળેલી ફરિયાદના આધારે નોંધાયેલા કેસની તપાસના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે. FIRમાં આરોપ છે કે અજાણ્યા સંગઠિત સાયબર ગુનેગારો અને વિદેશી તત્વો ભારતમાં સંગઠિત નાણાકીય છેતરપિંડી કરી રહ્યા છે. સીબીઆઈના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે વિદેશમાં કામ કરતા છેતરપિંડી કરનારાઓ વેબસાઈટ, વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને ભારતીય નાગરિકોને નિશાન બનાવે છે. આ લોકો પાર્ટ-ટાઈમ જોબ, ટાસ્ક આધારિત છેતરપિંડી અને પ્રારંભિક રોકાણ પર ઊંચા વળતરના ખોટા વચનો આપીને લોકોને ફસાવે છે.

પીડિતો દ્વારા જમા કરાયેલા નાણાંને 'ખચ્ચર એકાઉન્ટ્સ'ના નેટવર્ક દ્વારા તરત જ ટ્રાન્સફર કરવામાં આવે છે, જેથી નાણાંનો સ્રોત શોધી શકાય નહીં. આ સ્થળોએથી ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને નાણાકીય રેકોર્ડ જેવા મહત્વના પુરાવાઓ મળી આવ્યા છે. સીબીઆઈએ કહ્યું કે




આ જગ્યાઓ પર રહેતા ૧૦ શંકાસ્પદ વ્યક્તિઓ વિરુદ્ધ તપાસ ચાલી રહી છે.

તાજેતરમાં, ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ (DoT) એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર એક પોસ્ટમાં કેટલાક વિદેશી કોડમાંથી આવતા કોલ્સ વિશે સાવચેત રહેવાની સલાહ આપી છે. આ કોડ્સમાં +૭૭, +૮૪, +૮૫, +૮૬ અને +૮૯નો સમાવેશ થાય છે. આ પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે DoT અને ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) દ્વારા આવા કોલ કરવામાં આવતા નથી. સંચાર સાથી પોર્ટલ પર શંકાસ્પદ કોલની જાણ કરી શકાય છે. આનાથી DoTને આ ફોન નંબરો બ્લોક કરવામાં મદદ મળે છે. ગૃહ મંત્રાલયના અહેવાલ મુજબ, કૌભાંડીઓએ આ વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં દેશને લગભગ ૨,૧૪૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે.

અગાઉ, I4C અને DoTએ વિદેશી હેકર્સના ઓછામાં ઓછા ૧૭,૦૦૦ WhatsApp એકાઉન્ટ બ્લોક કર્યા હતા. તેનો ધ્યેય વિદેશી ગુનાહિત નેટવર્કનો નાશ કરવાનો અને દેશની ડિજિટલ સુરક્ષા વધારવાનો હતો. આ વર્ષે મે મહિનામાં, ગૃહ મંત્રાલયે કંબોડિયા, ફિલિપાઈન્સ, લાઓસ અને મ્યાનમાર જેવા દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાંથી સંગઠિત સાયબર ક્રાઈમમાં વધારાને પહોંચી વળવા માટે આંતર-મંત્રાલય સમિતિની રચના કરી હતી. દેશમાં લગભગ ૪૫ ટકા સાયબર નાણાકીય છેતરપિંડી દક્ષિણ પૂર્વ એશિયામાંથી થાય છે. આ ગુનાઓ વધુ જટિલ અને મોટા બન્યા છે. જેના કારણે પીડિતોને ભારે હાલાકી ભોગવવી પડે છે.

સીબીઆઈના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, તપાસમાં જાણવા મળ્યું છે કે વિદેશથી તેમનું નેટવર્ક ચલાવતા છેતરપિંડી કરનારાઓ વેબસાઈટ અને વોટ્સએપ અને ટેલિગ્રામ જેવા મેસેજિંગ પ્લેટફોર્મ દ્વારા દેશમાં છેતરપિંડી કરી રહ્યા છે. તેઓ લોકોને પાર્ટ-ટાઈમ નોકરી અને રોકાણ પર વધુ વળતરની લાલચ આપી રહ્યા છે. તેઓ ફસાયેલા છે. લોકો તેને આપીને. આ દરોડામાં સીબીઆઈએ સાયબર છેતરપિંડીના મામલા સાથે જોડાયેલા કેટલાક પુરાવા જપ્ત કર્યા છે. આમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને નાણાકીય રેકોર્ડ્સનો સમાવેશ થાય છે.

# ફડણવીસની તાજપોષી : PM રહેશે હાજર

## ભાજપ કોર કમિટીએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફડણવીસને ભાજપના ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા

નવીદિલ્હી, તા. ૪

૪ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ મુંબઈમાં રાજભવનની બહાર યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં મહાયુતિના નેતાઓ દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર. રાજ્યપાલે ફડણવીસને સરકાર રચવા આમંત્રણ આપ્યું.

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી. રાધાક્રિષ્નને બુધવારે મુખ્યમંત્રી પદના ઉમેદવાર દેવેન્દ્ર ફડણવીસના ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને ૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સરકાર બનાવવા માટે આમંત્રણ આપ્યું હતું. સરકાર રચવાનો દાવો કર્યા પછી રાજભવન ખાતે બોલતા, ફડણવીસે પુષ્ટિ કરી કે તમામ ભાજપના ધારાસભ્યો અને ગઠબંધન ભાગીદારોના ધારાસભ્યો દ્વારા સહી કરાયેલ સમર્થન પત્ર




રાજ્યપાલને સુપરત કરવામાં આવ્યો છે.

અગાઉના દિવસે, ભાજપ કોર કમિટીએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફડણવીસને ભાજપના ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા હતા. તેઓ ગુરુવારે એક સમારોહમાં શપથ લે તેવી અપેક્ષા છે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર અને ભાજપના કેટલાક ટોચના નેતાઓ અને મુખ્ય પ્રધાનો હાજર રહેશે. આઉટગોઈંગ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાનના નામાંકિત દેવેન્દ્ર ફડણવીસને તેમનો સંપૂર્ણ ટેકો વ્યક્ત કર્યો અને ટીમ વર્ક અને સામૂહિક નિર્ણય લેવાની ભાવના પર ભાર મૂક્યો.

ભાજપ, શિવસેના અને એનસીપીના મહાગઠબંધનના નેતાઓએ ૫ ડિસેમ્બરે મુખ્યમંત્રીના શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓની સમીક્ષા કરવા મુંબઈના આઝાદ મેદાનની મુલાકાત લીધી હતી. વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનની ભવ્ય જીત બાદ આ સમારોહ મહારાષ્ટ્રમાં નવી સરકારની શરૂઆત કરશે.

અજબ-ગજબ

# કચ્છમાંથી નકલી EDની ટીમ ઝડપાઈ : ૮ જબ્બે

## ગાંધીધામ, ભુજ સહિતના વિસ્તારોમાં નકલી અધિકારીઓ વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને બનાવતા શિકાર



રાજકોટ, તા. ૪

હાલ કરચોરો ઉપર જે રીતે સરકાર તવાઈ બોલાવી રહી છે તેને જોતા જે ડર પ્રસ્થાપિત થવો જોઈએ તે થયો નથી ઊલટું સરકાર માટે ચિંતા નો વિષય બને તેવા સમાચારો સામે આવી રહ્યા છે. ગુજરાતમાં સરકારી વિભાગ ના અધિકારીઓ નકલી હોવાનું એક નહીં અનેક વખત બહાર આવ્યું છે ત્યારે ગઈકાલે કચ્છમાંથી નકલી ઈડી અધિકારીની ટીમ ઝડપાય છે આ નકલી એડીની ટીમ મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને ધમકાવી અને તોડ કરતી હોવાનું માલુમ પડ્યું હતું જેમાં પૂર્વ કચ્છ એલસીબી અને એ ડિવિઝન દ્વારા નકલી ની ગેંગના આઠથી વધુ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હોવાની ચોકાવનારી વિગતો બહાર આવી છે.

ગુજરાત સહીત સમગ્ર દેશમાં નકલી અધિકારીઓ બનીને લોકોને ફસાવવાની અનેક ઘટનાઓ વચ્ચે વધુ આવી જ એક ઘટના કચ્છમાંથી બહાર આવી છે. આ વખતે એન્ફોર્સમેન્ટ ડિરોક્ટોરેટ એટલે કે EDની નકલી ટીમ બનાવીને મોટા વેપારી અને ઉદ્યોગપતિઓને લૂંટી લેવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. પૂર્વ કચ્છની લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે અત્યાર સુધીમાં આઠથી વધુ લોકોને ઝડપી લીધા હોવાની વિગતો પ્રાપ્ત થઇ રહી છે. ભુજ, અમદાવાદ ઉપરાંત રાજ્યના જુદા જુદા વિસ્તારમાંથી નકલી ઇડીના અધિકારીઓ બનીને ફરતા લોકોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસ દ્વારા હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર વિગતો બહાર પાડવામાં આવી નથી, પરંતુ સૂત્રોનો દાવો છે કે, ઈડીના નકલી ઓફિસર બનીને આ ફ્રોડ લોકોએ ગાંધીધામ તેમજ આસપાસના વિસ્તારના વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવ્યા છે.

નકલી PMOના અધિકારી, જજ, વકીલ,પોલીસ, ટીચર, આચાર્ય વગેરે જેવી ઘટનાઓ બાદ આખી નકલી ED કાર્યરત હોવાનું પૂર્વ કચ્છ પોલીસના ધ્યાનમાં આવતા તેમાં સંડોવાયેલા અમદાવાદના બે વ્યક્તિ, ભુજમાંથી એક તેમજ અન્ય જગ્યાએથી કુલ મળીને આઠથી વધુ લોકોને ઉપાડવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. કચ્છના ગાંધીધામ સહિતના વિસ્તારોમાં EDના નકલી અધિકારીઓ વેપારીઓ અને ઉદ્યોગપતિઓને શિકાર બનાવતા. સમગ્ર મામલે પૂર્વ કચ્છ પોલીસને જાણ થઈ હતી. જેમાં એલસીબીએ અમદાવાદ, ભુજ અને ગાંધીધામ સહિતના આઠથી વધુ શખસોને ઝડપી પાડ્યા હોવાની જાણકારી મળી છે. જો કે, પોલીસ દ્વારા આ મામલે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. આ અંગે હવે સરકારી વિભાગ ગંભીરતાપૂર્વક ધ્યાન કેન્દ્રિત કરી આની લીંક ક્યાં સુધી છે તેની તપાસ શરૂ કરી છે એટલું જ નહીં વિપક્ષને પણ આ અંગે વિરોધ કરવાનો મુદ્દો મળ્યો છે અને અનેકવિધ વિરોધ પણ દર્શાવ્યો હતો. ખરા અર્થમાં સરકારે હવે એવા હાથ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે કે આ પ્રકાર નીચે ઘટનાઓ ઘટી રહી છે તેનાથી ખોટું કરનારાઓમાં ડર નહીં પરંતુ હિંમત વધી છે જેના ઉપર ખરા અર્થમાં વિભાગે અને એજન્સી એ ગંભીરતા પૂર્વક કામ કરવું ખૂબ જરૂરી અને આવશ્યક બન્યું છે.

## ૩૪ કરોડથી વધુની બોગસ ખરીદીની ITC ચાઉ કરી જતા પ્રગ્નેશ કનતારીયાની ધરપકડ

# SGST દ્વારા ૧૮૬ કરોડના કૌભાંડનો પર્દાફાશ

## રાજકોટ, સુરત, ભરૂચ, ભાવનગર સહિતના શહેરોની ૧૪ જેટલી કંપનીઓની સંડોવણી ખુલ્લી

રાજકોટ, તા. ૪

કેશોદની પેઢીનો સંચાલક પ્રગેશ કંટારીયા રાજકોટ જીએસટી અધિકારી સમક્ષ જવાબ આપવા હાજર થયો અને ૩૪ કરોડથી વધુની બોગસ ખરીદી ની ઈંઝઈ ચાઉ કરી જતા ધરપક કરાઈ, કુલ રાજકોટ, સુરત, ભરૂચ, ભાવનગર સહિતના શહેરોની ૧૪ જેટલી કંપનીઓની સંડોવણી ખુલી છે. સ્ટેટ જીએસટી વિભાગની અન્વેષણ શાખાને મળેલ માહીતી તથા આનુસાંગિક સંશોધનને આધારે કોપરના ધંધા સાથે સંકળાયેલી સુરત, રાજકોટ, ભરૂચ, વાપી, જુનાગઢ અને ભાવનગર ખાતે આવેલ ફોર્ચ્યુન કોપર ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ફિનિટી એક્ઝિમ સહિતની ૧૪ કંપનીઓ સામે તા. ૧૧ નવેમ્બરના રોજ સર્ચ અને જપ્તીની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

ઉપરોક્ત કામગીરી દરમ્યાન વિભાગે ફોર્ચ્યુન કોપર ઇન્ડસ્ટ્રીઝના ભાગીદાર સંદીપ અનવર વિરાણીની રૂ. ૧૯.૪૬ કરોડથી વધુની GST ચોરીમાં સંડોવણી બદલ તા. ૧૩ નવેમ્બરના રોજ સુરતથી ધરપકડ કરેલ હતી. M/S. INFINITY EXIM GSTIN-




24AAHFI8618P1ZS L પ્રગ્નેશ કંતારીયાએ તા. ૩ ડિસેમ્બરના રોજ તપાસ સત્તાધિકારી સમક્ષ હાજર થયેલ હતા. તપાસ દરમિયાન આ કંપનીઓ કોપરની બોગસ ખરીદીઓ બતાવીને મોટા પાયે કરચોરી કરતી હોવાનું બહાર આવ્યું હતું. મેસર્સ ઇન્ફિનિટી એક્ઝિમના ભાગીદાર પ્રગ્નેશ મનહરભાઇ કંતારીયાએ કોપર સ્ક્રેપની બોગસ ખરીદીના આધારે ખોટી ઇનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો કરી મોટી કરચોરી કરી હોવાનું જણાયેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રી પ્રગ્નેશ કંતારીયા સામે અગાઉ પણ સેન્ટ્રલ GST દ્વારા અન્ય કિસ્સામાં કરચોરી અંગે કાર્યવાહી કરવામાં આવેલ હતી.

ખોટી વેરાશાખ ભોગવવી તે જીએસટી કાયદાની કલમ-૧૩૨ (૧) (સી) હેઠળ ગુનો બનતો હોઇ વિભાગ દ્વારા ખ/ત. INFINITY EXIMના ભાગીદાર પ્રગ્નેશ મનહરભાઈ કંતારીયાની સ્પષ્ટ સંડોવણી જણાતા વધુ ઉંડાણપૂર્વકની તપાસ કરવા સારું ધરપકડ કરવામાં આવેલ છે. પ્રાથમિક દ્રષ્ટિએ M/s. INFINITY EXIM દ્વારા બોગસ પેઢીઓ પાસેથી રૂા. ૧૮૬ કરોડ થી વધુના ખોટા આર્થિક વ્યવહારો દર્શાવી રૂા. ૩૪ કરોડ થી વધુની ખોટી વેરાશાખ ભોગવી સરકારી તિજોરીને નુકશાન કરેલ છે.

તપાસ દરમિયાન ખૂબ મોટા પ્રામાણમાં કરચોરી તથા જીએસટીની બાકી જવાબદારી ઉજાગર થાય તેવી સંભાવના છે. રાજ્યના કર વિભાગ દ્વારા આ કેસમાં સરકારી આવકના રક્ષણ અને વસૂલાત માટે યોગ્ય કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. છેલ્લા ઘણા સમયથી જીએસટી દ્વારા જે રીતે દરોડા પાડવામાં આવી રહ્યા છે તેને લઈને એવા સ્પષ્ટ છે કે રાજકોટ સહિત રાજ્યના અનેકવિધ શહેરોમાં ખૂબ મોટા પ્રમાણમાં બોગસ પેઢીઓ ઊભી થઈ રહી છે તેના પર કાપ મુકવા અને તેના પર અંકુશ લગાડવા માટે હાલ તમામ જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યા છે અને આ માટે રાજ્ય સરકાર દ્વારા સ્ટેટ જીએસટીને પણ તાકીદે તમામ પર આકરા પગલાં લેવા માટે સૂચન આપ્યું છે જેને લઇને જીએસટી વિભાગ દ્વારા હાલ તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે અને જે પણ આરોપી અને દોશી તો હોય તેને પકડી પાડવામાં આવે છે અને જીએસટીની વસૂલાત પણ કરવામાં આવે છે. આવનારા દિવસોમાં પણ આ પ્રકારના કિસ્સાઓ સામે આવશે જેમાં જીએસટી વિભાગ દ્વારા આંકડા પગલાં લેવામાં આવ્યા હોય હાલ જે બોગસ બીલીંગ કૌભાંડ શરૂ થયું અને તેના પર જે પડદો પડ્યો છે તે પ્રકારે હજુ પણ અન્ય ઘણાખરા કિસ્સાઓમાં આ પ્રકારના બેનામી વ્યવહારો અને સરકારને ચૂનોચોપડનાર તારો કો છે તેના પર જીએસટી વિભાગ આકરી કાર્યવાહી કરશે.



# રાજકોટનું રિયલ એસ્ટેટ મરણ પથારીએ

## બિલ્ડરોની વ્યથાથી, તંત્રના આંખ આડા કાન : ૯મી ડિસેમ્બરે બિલ્ડર એસોસિએશન કલેકટરને પાઠવશે આવેદન

રાજકોટ, તા. ૪
ટીઆરપી અગ્નિકાંડ બાદ સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વિકાસના કામો કરવા માટે સહેજ પણ તૈયાર થતા નથી મહત્વનું એ છે કે આ કારણસર અનેકવિધ રિયલ એસ્ટેટના કામો ખોરંભે ચડી ગયા છે. જે માટે રાજ્ય સરકારને પણ અનેકવિધ રજૂઆતો કરવામાં આવી બીજી તરફ બિલ્ડર એસોસિએશનનું માનવું છે કે રિયલ એસ્ટેટ એ દેશની અર્થવ્યવસ્થા માં ખૂબ મોટો અને મહત્વનો ભાગ ભજવે છે ત્યારે હાલની સ્થિતિને ધ્યાને લઈ બાંધકામ ઉદ્યોગ મરણ પથારીએ પડ્યું છે. આ માટે જરૂરી તમામ રજૂઆતો પણ વિવિધ બિલ્ડર એસોસિએશન દ્વારા સ્થાનિક પ્રસાશન અને રાજ્ય સરકારની સાથે કેન્દ્ર સરકારમાં પણ કરવામાં આવી છે. બિલ્ડરોમ માનું છે કે કરેલ રજૂઆતનો સુખદ અંત આવે તે ખૂબ આવશ્યક અને અનિવાર્ય છે તો જ આ ધંધો અને આ વ્યવસાય ફરી બેઠો થઈ શકશે અને વિકાસમાં સિંહ ફાળો આપી શકશે.

બિલ્ડર એસોસિએશન દ્વારા અનેકવિધ માંગણીઓ પણ કરવામાં આવી છે જેમાં જંત્રીનો જે વધારો કરવામાં આવ્યો છે તે સૌથી વધુ છે અને તે કોઈપણ સંજોગોમાં બિલ્ડરો સ્વીકારવા તૈયાર નથી તે માટે આ દરમાં પણ ઘટાડો કરવામાં આવે તેવી વ્યાપક માંગ ઉઠવા પામી છે. સાથોસાત જંત્રીને લીધે જે નવી શરતની જમીન બિનખેતી કરવા માટે જે પ્રીમિયમ ભરવું પડે છે તેનો બોજો પણ બિલ્ડરો પર જ જોવા મળે છે. સાથો સાથ નવી જંત્રીના પગલે જે પેડ એફએસઆઇ ની રકમમાં વધારો ઝીંકાયો છે એટલું જ નહીં દસ્તાવેજ માટે જે ભરવા પાત્ર સ્ટેમ્પ ડ્યુટીમાં પણ સરકારે વધારો કર્યો છે અને સામે જીએસટીની રકમ પણ વધારતા ફ્લેટના ભાવ ખૂબ મોંઘા થઈ ગયા છે અને તેની સીધી જ અસર બિલ્ડરો ઉપર પણ પડે છે. તો સામે



જે ગ્રાહક છે તે પણ ફ્લેટ અથવા તો મકાન લઈ શકતો નથી કારણ કે સરકાર દ્વારા જે ભાવ વધારો કરવામાં આવ્યો છે તે બિલ્ડર અંતે તો ફ્લેટના ભાવ ઉપર જ લાગુ કરી શકે અને આ પરિણામે ફ્લેટ અત્યંત મોંઘા થઈ જતા સામાન્ય વ્યક્તિને પરવડે તેવા નથી.

મહત્વની વાત તો એ છે કે બિલ્ડર હોય હવે પ્લાન પાસ કરાવો હોય તો ફાયરનું ક્ષજ્ઞભ લેવું પડે છે પરંતુ હાલ અધિકારીઓ અને કર્મચારીઓની મિલીભગતના કારણે ઝડપભેર એનઓસી મળતું નથી અને કમ્પ્લેશન સર્ટિફિકેટ માટે પણ બિલ્ડરો હેરાન થવું પડે છે કારણ કે નવા નિયમ અનુસાર જ્યાં સુધી બિલ્ડર પાસે ફાયર નો એનઓસી ન હોય ત્યાં સુધી તેઓ કમ્પ્લીસન લઈ શકતા નથી અને આ પ્રકારે અનેકવિધ પ્રોજેક્ટ હજુ પણ મહાનગરપાલિકામાં પેન્ડિંગ પડેલા છે જેનો કોઈ નીવેરો આજ દિન સુધી આવ્યો નથી.

રાજકોટમાં એક અજબ ગજબ ની વાત એ છે કે ટીપી સ્કીમ હેઠળ જે લાગુ પડતી ૪૦% કપાત છે તે પણ બિલ્ડરો માટે સૌથી મોટો પ્રશ્ન ઉભો કર્યો છે જેના ઉપર સરકારે નિવેડો લાવવો ખૂબ આવશ્યક અને જરૂરી છે. ત્યારે રાજકોટ બિલ્ડર એસોસિએશન હાલ લડી લેવાના મૂડમાં હોય તેવું માનવામાં આવી રહ્યું છે કારણ કે અત્યારે ઘણા ખરા પ્રોજેક્ટ ની ફાઈલો હાલ પેન્ડિંગ છે ત્યારે તેને ઝડપભેર નિવારવામાં આવે તે ખૂબ જરૂરી છે.

આવા અનેક પ્રશ્નો ને અનુલક્ષી ૯ ડિસેમ્બરના રોજ કલેકટર, રાજકોટને બહોળી સંખ્યામાં ભેગા થય અને આવેદન પત્ર આપવામાં આવશે. રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં હાલ બિલ્ડર લોબી ને ઘણી ખરી તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે જેને લઈને જે તે વિસ્તાર અને શહેરની જે વૃદ્ધિ થવી જોઈએ તે થઈ શકતી નથી. આ વાતની ગંભીરતાને લઈ બિલ્ડર એસોસિએશન દ્વારા રાજ્ય સરકારને અનેક વખત રજૂઆત કરવામાં આવેલી છે પરંતુ હજુ સુધી કોઈ સુખદ નિવેડો આવ્યો નથી. ત્યારે આવનારા દિવસોમાં સરકાર અને સ્થાનિક પ્રશાસન આ અંગે ગંભીરતાપૂર્વક વિચાર કરે તે ખૂબ જરૂરી અને આવશ્યક છે.

### એક તો મોંઘવારી અને તેમાં પણ જંત્રીના વધુ ભાવ છેલ્લો માર તો બિલ્ડર પર જ

હાલ મોંઘવારીએ તો માજા મૂકી છે તેમાં હવે સરકારે જંત્રીના ભાવ જે રીતે વધાર્યા છે તેને લઈ ફ્લેટના ભાવમાં પણ વધારો જોવા મળે છે ત્યારે જે પ્રમાણે સોદા થવા જોઈએ તે થતા નથી એટલું જ નહીં જે લોકોએ ફ્લેટ બુક કરાવ્યા હોય તેવો પણ કેન્સલ કરાવી રહ્યા છે. જેનો સીધો જ માર બિલ્ડર ઉપર પડે છે પહેલા એવું હતું કે રાજકોટના આજુબાજુના વિસ્તારો જે જેટ ગતિએ વિકાસ પામતા ત્યારે લાગતું કે રાજકોટ સોળે કળાએ ખીલશે પરંતુ એ જ રાજકોટ હવે જાણે મૂર્જાઈ ગયું હોય તેવું ચિત્ર ઊભું થયું છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ સરકારે કંઈક ઉત્તમ અને યોગ્ય નિર્ણય કરવો ખૂબ જરૂરી છે અને જો આ અંગે કોઈ નક્કર પરિણામ આવનારા નજીકના દિવસોમાં ન આવ્યું તો માટી અસરનો સામનો રિયલ એસ્ટેટ ક્ષેત્રે કરવો પડશે.

### ૭૦ થી વધુ કોલેજોના ૧૮૦૦ જેટલા સ્પર્ધકો લેશે ભાગ
### ૫૩માં વાર્ષિક ખેલકૂદ મહોત્સવમાં ત્રણ નવી ઈવેન્ટનું આયોજન

# સૌ.યુનિમાં આજથી ખેલકૂદ મહોત્સવ




રાજકોટ, તા. ૪
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત ૫૩ માં વાર્ષિક ખેલકૂદ મહોત્સવ નો આજથી પ્રારંભ થઈ રહ્યો છે જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે જોડાયેલ ૭૦ થી વધુ કોલેજોના ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધામાં ભાગ લેશે એટલું જ નહીં આ ખેલકૂદ મહોત્સવમાં ત્રણ નવી રમતનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડોક્ટર હરીશ રબાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેદાનમાં પાંચથી સાત ડિસેમ્બર દરમિયાન ખેલકૂદ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે ભાઈઓ તથા બહેનોની ૧૯ ઈવેન્ટ યોજવામાં આવશે જેમાં દોડ કુદ અને ફેકની ઈવેન્ટ યોજાશે. વધુમાં તેઓ ઉમેર્યું હતું કે આ વર્ષે પ્રથમ વખત ત્રણ નવી ઈવેન્ટ ઉમેરવામાં આવી છે આ વખતે એમપીએડ ભવન અને શારીરિક શિક્ષણના અધ્યાપકોને સાથે રાખીને નેશનલમાં જે રીતે ટુર્નામેન્ટ થાય છે તે જ રીતે અહીં પણ એથ્લેટિક્સ ટોરનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે અને તેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

હાલ આ તમામ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને સ્પર્ધકોને કોઈપણ પ્રકારની તકલીફ કે હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટેની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પૂરતું જ્ઞાન રાખ્યું છે ત્યારે જોવાનો એ રહ્યું કે શું આવનારા દિવસોમાં આ વિદ્યાર્થીઓ ક્યા પ્રકારનો પ્રતિસાદ આપી રહ્યા છે કારણ કે હાલ કોઈપણ પ્રકારની હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે ખાસ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે. સૌપ્રથમ આ સ્પર્ધામાં ભાગ લેતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થાય સાથે જ ખેલાડીઓની ઈવેન્ટ વાઈસ વહેંચણી પણ કરવામાં આવે છે જે પછી પૂર્ણ થયા બાદ ત્વરિત તેમની મેડલ સેરેમની પણ યોજવામાં આવશે. જેમાં પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર વિજેતા થતા સ્પર્ધકોને તે જ સ્થળ ઉપર તેમને લગતા મેડલો પણ આપવામાં આવશે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ વખતે ત્રણ નવી ઈવેન્ટ ઉમેરવામાં આવી છે જેમાં ડેકેથલોન, હેપ્ટાથલોન, અને ૩૦૦૦ મીટર ત્રીપલ ચેસ એટલે કે ૩૦૦૦ મીટર દોડની ઈવેન્ટ યોજાશે જેમાં ડેકેથલોનમાં ૧૦ ઈવેન્ટ આવે અને એ ઈવેન્ટમાં દોડ કુદ અને ફેક એમ ત્રણ ઈવેન્ટ નું મિશ્રણ હોય છે જ્યારે હેપ્ટાથલોનમાં ફક્ત બહેનો માટેની જ આ ઈવેન્ટ છે જ્યારે ૩૦૦૦ મીટર ટ્રિપલ ચેસ માત્ર ભાઈઓ માટેની ઈવેન્ટ થશે જ્યારે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી એટલે કે એક સ્પર્ધા આગામી તારીખ ૨૬ થી ૩૦ ડિસેમ્બર સુધી ભુવનેશ્વરની કલિંગડા ઈન્સ્ટિટયૂટ ઓફ સોશિયલ સાયન્સ ખાતે રમાવાની છે જે પૂર્વે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટી કક્ષાની એથેમેટિક સ્પર્ધા યોજાશે.

યુનિવર્સિટીનું માનવું છે કે આ પ્રકારની પ્રવૃત્તિઓ મારફતે વિદ્યાર્થીઓમાં ખેડૂત પ્રત્યે રસભાવ જાગે સાતોસાથ તેઓ સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થાય અને હાલ જે શ્રમ અને મહેનતનું પ્રમાણ વધી ગયું છે અને સ્ટ્રેસ લેબલ જે સ્તર પર જોવા મળ્યું છે તેમાં ઘટાડો થાય તે માટેની આ વ્યવસ્થા એટલે કે ખેલકૂદ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હરહમેશ એ વાત ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે કે ખૂબ સારી રીતે ઈવેન્ટ કઈ રીતે યોજાય અને વિદ્યાર્થીઓને ઉપયોગી કેવી રીતે બને તે ખૂબ જરૂરી છે.

# વેરા વસુલાત વિભાગની આકરી કાર્યવાહી : ૨૪ મિલકતો સીલ

### વિવિધ ઝોનના કુલ ૧૦ મિલકત ધારકોને જપ્તીની નોટિસ : કાલે પણ સીલીંગ ઝુંબેશ રહેશે શરૂ

રાજકોટ, તા. ૪
મહાનગરપાલિકાના વિભાગ દ્વારા છેલ્લા બે થી ત્રણ દિવસથી ઝુંબેશ જે વેગથી ચલાવવામાં આવી રહી છે તે અકલ્પ્ય છે કારણ કે ગઈકાલે મહાનગરપાલિકાના વેરા વિભાગ દ્વારા મિલકત વેરાની ૨૦૦ કરોડની રિકવરી માટે સીલીંગ અને જપ્તી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગઈકાલે ગોંડલ રોડ કુવાડવા રોડ યાજ્ઞિક રોડ અને મહુડી વિસ્તારમાં એક લાખથી વધુ વેરો બાકી હોય તેવા ૨૪ આસામીઓની મિલકત સીલ કરવામાં આવી અને ૧૦ મિલકત ધારકોને જપ્તી નોટીસ ફટકારવામાં આવી છે. ત્યારે રણછોડ નગરમાં ત્રણ મકાનના નળ જોડાણ પણ કાપવામાં આવ્યા છે.

મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગ દ્વારા લોહાણા પરામાં યુનિટ ૧ ની નોટિસ સામે રિકવરી ૯.૨૦ લાખ. મોરખી રોડ પર આવેલ એક યુનિટ ની નોટિસ સામે ૨.૧ લાખ રૂપિયાની રિકવરી કરવામાં આવી જ્યારે ખોડીયાર પરામાં જગજીત ચેમ્બર્સને સીલ કરવામાં આવી હતી. કુવાડવા રોડ પર આવેલા યુનિટને પણ સીલ કરવામાં આવ્યું હતું. આ પ્રકારે કુલ ૨૦૦ કરોડની રિકવરી માટેની ઝુંબેશને વધુ તીવ્ર બનાવવામાં આવી છે અને ૨૪ જેટલી મિલકતોને સીલ કરી દેવાય છે. આવનારા દિવસોમાં આ પ્રકારની ઘણી ખરી મિલકતો છે



કે જેની વેરા વસુલાત બાકી હોય તે તમામ ઉપર આ પ્રકારના જ પગલાં લેવામાં આવશે. રાજકોટમાં અનેકવિધ મિલકતો માં એક લાખથી વધુ નોવેરો બાકી હોય તેવા ઘણા ખરા કિસ્સાઓ સામે આવ્યા છે ત્યારે તેને દંડિત કરવા ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે અને વેરા વસુલાત શાખા એ પણ પોતાનો ટાર્ગેટ પૂર્ણ કરવા માટે ઝુંબેશને વધુ તીવ્ર બનાવી છે.

માત્ર એક બે દિવસે જ નહીં પરંતુ આવનારા દિવસોમાં જ્યાં સુધી ટાર્ગેટ સુધી પહોંચવામાં નહીં આવે ત્યાં સુધી વેરા વસુલાત વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. વેરા વસુલાત માટે વિવિધ માધ્યમોથી વિભાગો દ્વારા નોટિસ આપવામાં આવતી હોય છે જેથી મિલકત ધારકોને કોઈ દંડની પ્રક્રિયામાંથી પસાર ન થવું પડે પરંતુ વેરાવસુલા શાખાની કામગીરી અને ગંભીરતાથી લેવા ના બદલે મિલકત ધારકો ખૂબ સરળતાથી કામગીરીને લેતા હોય છે અને પરિણામ સ્વરૂપે હવે મહાનગરપાલિકા દ્વારા એટલે કે વેરા વસુલાત વિભાગ દ્વારા આખરી કાર્યવાહી કરવામાં આવી રહી છે. મહત્વનું એ છે કે હાલ તમામ સેન્ટ્રલ વેસ્ટ અને ઈસ્ટ ઝોન માં મિલકત ધારકો કે જેઓ એક લાખનો વેરો ભર્યો ન હોય તેના ઉપર હાલ તવાઈ બોલાવવામાં આવી રહી છે. હાલ આ માટે ખાસ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને કમિશનરના અધ્યક્ષ સ્થાને થી તમામને સૂચિત કરવામાં આવ્યા છે કે જે મિલકત ધારકોનો વેરો બાકી હોય તેમના પર આખરી કાર્યવાહી કરવામાં આવે અને તેના માટે જ સીલીંગ ઝુંબેશને વધુ તીવ્ર બનાવી દેવાય છે.

હાલ જે રીતે સીલીંગ ઝુંબેશ વધુ તીવ્ર થઈ છે તેનાથી રિકવરીમાં પણ ઘણો ખરો ઉછાળો જોવા મળ્યો છે ત્યારે મહાનગરપાલિકાના વેરા વસુલાત વિભાગના અધિકારીઓને આશા છે અને ખાતરી છે કે હાલની સ્થિતિને ધ્યાને લઈ લે ભવિષ્યમાં રિકવરી છે તે વધુ ઝડપી થશે..

### કાયદાનો ડર ન હોય તેમ રાજ્યમાં ખૂન, લૂંટ, ચોરી સહિતના બનાવો વચ્ચે બળજબરીના કિસ્સા વધ્યા

# શિક્ષીકા અને બે સગીરા સાથે દૂષ્કર્મ: એક છાત્રાની થઈ છેડતી

### શિક્ષીકાને પરણેલા ઢગાએ ફસાવી બ્લેકમેઇલ કરી દેહ પીંખવાની સાથે ત્રીસ લાખ પણ પડાવ્યાઃ પરણેલાએ પડોશી સગીરાને ફસાવી બળાત્કાર ગુજાર્યોઃ સોળ વર્ષની બાળાને વિધર્મીએ ફસાવી બ્લેકમેઇલ કરી દેહ પીંખ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**
રાજ્યમાં બીજી ગુનાખોરીની જેમ બળાત્કારની ઘટનાઓ પણ સતત વધી રહી છે. હવસોખોરોને કાયદાનો ડર જ ન હોય તેમ રોજબરોજ આવા બનાવો સામે આવતાં રહે છે. વધુ ચાર ચોંકાવનારી ઘટના પોલીસ સુધી પહોંચી છે. જેમાં એક શિક્ષીકાને પરણેલા પુરૂષે ફસાવી દૂષ્કર્મ આચરી ફોટો વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ અનેક વખત દેહ પીંખી તેમજ ત્રીસ લાખની રોકડ, ઘરેણા પણ પડાવી લીધા હતાં. બીજી તરફ એક કિશોરી દૂષ્કર્મનો ભોગ બની હતી, ત્રીજા બનાવમાં સગીરાને વિધર્મીએ ફસાવી દેહ પીંખ્યો હતો તો ચોથા બનાવમાં એક છાત્રા છેડતીનો ભોગ બની હતી. શિક્ષકે જ તેની છેડતી કરી હતી!

રાજ્યમાં સતત ગુનાખોરીનો ગ્રાફ વધતો જાય છે. મહિલાઓની સુરક્ષાના દાવા પોકળ સાબિત થયા છે. હત્યા, લૂંટ, દુષ્કર્મ-છેડતી અને હિટ એન્ડ રનની ઘટનાઓ ગુજરાતની પ્રજા માટે સામાન્ય બની ગઈ છે. આ ઉપરાંત રાજ્યમાંથી અવાર-નવાર કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો ઝડપાય છે, ખટારામોઢે દારૂ પણ પકડાય છે. ત્યારે રાજ્યના વિવિધ વિસ્તારોમાં સગીરાઓ, યુવતીઓ અને પરિણીતાઓ સાથે દુષ્કર્મની ઘટનાઓ સામે છે. પ્રથમ ઘટના જોઇએ તો પ્રથમ ઘટના જોઈએ તો અમદાવાદના ખોખરા વિસ્તારમાં એક શિક્ષિકા પર પરણિત પુરુષ દ્વારા દુષ્કર્મની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બે સંતાનના પિતા આરોપી દુષ્કર્મીએ કોરોનાકાળમાં સગીરા પર દુષ્કર્મ આચરી ફોટો અને વીડિયો બનાવી લીધા હતા. બાદમાં આ ફોટો-વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને અનેક વાર દુષ્કર્મ આચર્યું હતું અને સાથે ૩૦ લાખ રૂપિયા અને ઘરેણાં પડાવ્યાં હતા. ભોગ બનનાર શિક્ષિકા અગાઉ ખોખરા નજીક આવેલી ખાનગી સ્કૂલમાં નોકરી કરતી હતી. તેનો પતિ દિલ્હી પોલીસમાં ફરજ બજાવતો હોવાથી દિલ્હી રહેતો હતો. તેમને સંતાનમાં બે બાળક છે. આરોપી અશોક અવાર નવાર શિક્ષિકા સાથે વાતચીત કરતો હતો અને તેના ઘરે અવરજવર કરતો હતો. વર્ષ ૨૦૨૦માં અશોક નિષાદ અચાનક શિક્ષિકાના ઘરે પહોંચ્યો હતો અને બળજબરીપૂર્વક તેની પર દુષ્કર્મ ગુજારી બદનામ કરવાની ધમકી આપી હતી ત્યારબાદ પણ અવારનવાર આરોપી શિક્ષિકાના ઘરે જઈને



તેની પર દુષ્કર્મ ગુજારતો હતો અને તેના અશ્લીલ ફોટો અને વિડીયો પણ બનાવી લીધા હતા.

જે બતાવીને તેણે પૈસાની માગણી શરૂ કરી હતી. શિક્ષિકાએ ટુકડે ટુકડે ૨૫ થી ૩૦ લાખ રૂપિયા રોકડા આરોપીને આપ્યા હતા, તેમજ સોના-ચાંદીના દાગીના પણ આરોપીએ લઈ લીધા હતા. ગત . ગત ઓગસ્ટ મહિનામાં આરોપીએ શિક્ષિકા પર દુષ્કર્મ ગુજારી વધુ પૈસાની માગણી કરી હતી અને તેણે પૈસા આપવાનો ઈનકાર કરતા ઝઘડો થયો હતો. આ ઘટના બાદ ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ અશોક અને તેની પત્ની તેમજ બીજા વ્યક્તિઓએ શિક્ષિકાની સ્કૂલે આવી તેની સાથે ઝઘડો કર્યો હતો અને તેને માર માર્યો હતો. શિક્ષિકાએ આરોપીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. અંતે શિક્ષિકાએ પોતાના પરિવારને જાણ કરતા આ મામલે આરોપી સામે ખોખરા પોલીસ મથકે દુષ્કર્મ અને પૈસા પડાવી લેવાની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. આ મામલે ખોખરા પોલીસે આરોપીની તપાસ કરતા તે અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદ નગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એટ્રોસિટીના ગુનામાં જેલમાં હોવાનું ધ્યાને આવતા સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી કબ્જો લઇ ધરપકડ કરી છે.

બીજા બનાવમાં અંકલેશ્વરમાં એક પરણિત પાડોશીએ સત્તર વર્ષીય કિશોરીને પ્રેમજાળમાં ફસાવી અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. તો બીજી તરફ રાજકોટના જસદણમાં લહજેહાદનો કિસ્સો સામે આવ્યો છે, જ્યા ૧૬ વર્ષીય કિશોરીને વિધર્મી યુવકે પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. તો બીજી તરફ છોટા ઉદેપુરમાં શિક્ષકે ધોરણ નવમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. અંકલેશ્વરમાં પાડોશમાં જ રહેતા પરણિત યુવકે સત્તર વર્ષીય કિશોરીને પ્રેમજાળમાં ફસાવીને અનેકવાર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સોમવારે સામે આવી હતી. જ્યારે કિશોરીને પેટમાં દુંખાવો ઉપડતાં માતા તેને હોસ્પિટલ લઈ ગઈ છે. જ્યાં તપાસમાં કિશોરીને બે મહિનાનો ગર્ભ હોવાનો ખુલાસો થયો હતો. ત્યારબાદ કિશોરીએ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાતા આરોપી ફરાર થઈ ગયો હતો. જોકે, પોલીસે તેને આજે સુરતથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ત્રીજા બનાવમાં રાજકોટના જસદણ નજીક આવેલા આટકોટમાંથી આજે ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક વિધર્મી યુવકે સોળ વર્ષની કિશોરીને પ્રેમજાળમાં ફસાવીને અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ કિશોરીને બ્લેકમેઈલ કરી રહ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. સરફરાજ નામનો યુવકે સોશિયલ મીડિયાના માધ્યમથી કિશોરીના સંપર્કમાં આવ્યો હતો અને તેને લગ્ન કરવાની લાલચ આપી હોવાનું સામે આવ્યું છે. ચોથી ઘટનામાં છોટા ઉદેપુરની સરકારી શાળાના એક શિક્ષકે ધોરણ ૯માં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. જેને લઇને શિક્ષકને સસ્પેન્ડ કરવાની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### કરોડોના ફ્રોડનો પર્દાફાશ થયા બાદ સામે તપાસમાં સામે આવેલી વિગતોએ સૌને ચોંકાવ્યા

# સાયબર ફ્રોડમાં AIનો ઉપયોગઃ યુવાનોને લાખેણો પગાર

## અંગ્રેજી બોલતાં હોય તેને વધુ પગારઃ કમ્બોડીયાથી સંચાલિત ચાઈનીઝ ગેંગ દુબઇ બેઠા ગુજરાતના યુવાનોને ફસાવી ફ્રોડમાં સામેલ કરે છેઃ આ યુવાનો બાર બાર કલાક કરે છે કામ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

દેશભરમાં અને ગુજરાત રાજ્યમાં સાયબર ફ્રોડની સતત બની રહેલી ઘટનાઓ વચ્ચે આવા ગઠીયાઓને ઝડપી લેવામાં બહુ ઓછી સફળતા મળી રહી છે. આમ છતાં પોલીસ એકાદ લિંકને આધારે અનેક કિસ્સાઓમાં મુળ સુધી પહોંચી છે. સાયબર સેલે છેલ્લા કેટલાક મહિનામાં એવા બે કિસ્સાઓનો પર્દાફાશ કર્યો છે, જેનું સીધું કનેક્શન દુબઈ અને કંબોડિયાથી સંચાલિત ચાઈનીઝ ગેંગના આંતરરાષ્ટ્રીય ફ્રોડ રેકેટ સાથે છે. સાયબર ફ્રોડ માટે પણ ગઠીયાઓ એઆઇનો ઉપયોગ કરતાં થઇ ગયા છે. દુબઈથી સંચાલીત કંબોડીયન ગેંગના કારસ્તાનમાં ગુજરાતના યુવાનોને કોલસેન્ટરમાં નોકરીની લાલચે ફસાવાય છે. આવા યુવાઓ પાસે બાર બાર કલાક કામ લઇ એંસી હજારથી લાખ દોઢ લાખ સુધી પગાર અપાય છે. જેને અંગ્રેજી ભાષા સારી આવડતી હોય તેનો પગાર સૌથી વધુ હોય છે!

તાજેતરમાં સુરત સાયબર સેલે ૧૧૧ કરોડના સાયબર ફ્રોડ અને સિનિયર સિટિઝન સાથે થયેલા ૧.૧૫ કરોડના બે અલગ-અલગ કેસોની તપાસમાં ચાઈનીઝ ગેંગના ચોંકાવનારા ફ્રોડ પદ્ધતિઓની જાણી પોલીસ પણ ચોંકી ઉઠી છે. ચાઈનીઝ ગેંગ કોલ સેન્ટર ચલાવે છે અને આ સેન્ટરમાં તેઓ પોતાના કર્મચારીઓ અને ટાર્ગેટ વચ્ચેની વાતચીત સમજવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈનો ઉપયોગ પણ કરે છે! દેશભરમાં વધતી જતી સાયબર ફ્રોડની ઘટનાઓ પાછળ ચાઈનીઝ ગેંગનો હાથ હોવાનો ખુલાસો સુરત સાયબર સેલે કર્યો છે.



આ ગેંગ માટે એજન્ટ તરીકે કામ કરતા સુરતના કેટલાક લોકોની ધરપકડ પણ થઈ છે. આ એજન્ટો પ્રથમ શિકાર શોધે છે. તેમને બ્લેકમેલ કરે છે અને પછી ડિજિટલ છેતરપિંડી કરીને લાખા-કરોડો રૂપિયા હડપે છે. સુરત સાયબર સેલે તપાસમાં જાણવા મળ્યું છે કે, ચાઈનીઝ ગેંગ માટે સુરતના યુવાનો લોકો પાસેથી કરોડો રૂપિયા વસૂલી ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરી દેવામાં આવે છે. પહેલા પૈસા મલ્ટિપલ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર થાય છે અને ત્યારબાદ તે ચાઈનીઝ ગેંગ સુધી પહોંચે છે. વધુ માહિતી અનુસાર ચાઈનીઝ ગેંગ દુબઈના પોશ વિસ્તારોમાં હાઈરાઇઝ બિલ્ડિંગ્સ પસંદ કરે છે. ખાસ કરીને ઇંટરનેટ સિટી, ઓમંગ રોડ શામેલ છે.

જ્યાં તેઓ ઓફિસ અને કર્મચારીઓ માટે રહેઠાણ તથા કેન્ટીનની વ્યવસ્થા કરે છે. તેઓ પોતાના કર્મચારીઓ પાસેથી પાસપોર્ટ જપ્ત કરે છે, જેથી તેઓ બહાર જઈ શકતા ન રહે. કર્મચારીઓ પાસેથી બાર બાર કલાક કામ કરાવવામાં આવે છે. તેઓને એંસી હજારથી દોઢ લાખ સુધીનું વેતન આપવામાં આવે છે, જેમાં અંગ્રેજી બોલતાં કર્મચારીઓને વધુ વેતન આપવામાં આવે છે. ચાઈનીઝ ગેંગ તેમના ટાર્ગેટ સાથે થતી વાતચીત સમજવા માટે એઆઇનો સહારો લે છે. ગેંગ ફક્ત વાતચીત જ મોનિટર કરી શકતી નથી, પણ એઆઇની મદદથી ભાષાનું અનુવાદ પણ કરે છે.

ગેંગના પ્રથમ સ્તરે કોલ સેન્ટર કર્મચારીઓ શિકાર સાથે વાતચીત કરે છે. એઆઇ દ્વારા વાતચીતને સમજ્યા બાદ કામના બીજા સ્તરના કર્મચારીઓને શિકાર પાસેથી પૈસા મેળવવાની જવાબદારી સોંપવામાં આવે છે. ચાઈનીઝ ગેંગના આ ફ્રોડ મોડેલને પર્દાફાશ કરવાથી ભારતમાં વધતી સાયબર ફ્રોડ ઘટનાઓ પર નિયંત્રણ મેળવવામાં મદદ થશે. સુરત સાયબર સેલ દ્વારા હજુ આ મામલે વધુ તપાસ ચાલુ છે. રાજ્યની અન્ય સાયબર ક્રાઇમની ટીમો પણ આ પ્રકારના કારસ્તાનો ઉઘાડા પાડવા સક્રિય બની છે. આગામી દિવસોમાં વધુ કેટલાક કારસ્તાનોનો પર્દાફાશ થાય તો નવાઇ નહિ. ડિજીટલ એરેસ્ટ, શેર બજારમાં રોકાણના નામે ફ્રોડ કરતી ટોળકીઓએ અત્યાર સુધીમાં એકલા ગુજરાતમાંથી જ કરોડો રૂપિયા ઉસેડી લીધા છે.

# ૨૫૦૦ કેદીઓ ને સમાવી શકે તે મુજબ ન્યારા પાસે બનશે અધ્યતન જેલ

## કલેક્ટરે નાયબ જેલ અધિક્ષક પરમારને સોંપ્યો ૬૦ એકર જમીનનો કબજો : પડધરીના મામલતદાર દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી






**રાજકોટ, તા. ૪**

હાલ જૂની જેલ જે છે તેની સાથોસાથ શહેરના જામનગર રોડ ઉપર અધ્યતન જેલ નું નિર્માણ કરવા માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો જેને લઈને ગઈકાલે જિલ્લા કલેકટર પ્રભાવ જોશી દ્વારા ૬૦ હેકર જમીનનો કબજો નાયબ જેલ અધિક્ષક પરમારને સોંપી દેવામાં આવ્યો છે ન્યારા પાસે સર્વે નંબર ૨૦૦ પૈકીની જમીનના કબજાની સોપણી પણ કરવામાં આવી હતી. પડધરીના મામલતદાર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ન્યારા પાસે નવી અધ્યતન જેલ નું નિર્માણ કરવા માટે કલેકટર દ્વારા ૬૦ હેકર જમીનનો કબજો સોપી દેવામાં આવ્યો છે જેથી હવે અધ્યતન જેલના નિર્માણ આડે હવે તમામ અવરોધો દૂર થઈ ગયા છે

ચેલા ઘણા સમયથી નવી જેલની માંગણી ઉઠવા પામી હતી અને તે માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો રાજકોટની સેન્ટ્રલ જેલમાં ૧૨૩૦ કેદીઓની ક્ષમતા છે. તેની સામે ૨૩૦૦ જેટલા કેદીઓ આ જેલમાં રાખવામાં આવેલા છે જેથી સેન્ટ્રલ જેલના કેદીઓને રાખવામાં આવતી જગ્યા ખૂબ ઓછી હોવાના કારણે જામનગર રોડ પર નવી જેલનું નિર્માણ કરવા માટે પ્લાનિંગ કરી દેવામાં આવ્યું હતું. ગઈકાલે નજીક જેલ નિર્માણ માટે સાઈઠ એકર જમીનનો કબજો નાયક જેલ અધિક્ષકને સોંપી દેવામાં આવ્યો ત્યારે હવે ૨૫૦૦ કેદીઓને ક્ષમતા ધરાવતા અધ્યતન જેલનું નિર્માણ નિર્વિઘ્ન કરવામાં આવશે.

મહત્વનું એ છે કે ખરા અર્થમાં જેલ હોવી જ ન જોઈએ તેવું તજનો માને છે પરંતુ જે લોકો દ્વારા એ પ્રવૃત્તિઓ આચરવામાં આવી હોય અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય તેઓને જેલવાસ ભોગવો પડે છે અને હાલ આ પ્રકારના કિસ્સાઓમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈને સરકાર સમક્ષ નવા જેલની માંગણી કરવામાં આવી હતી અને આ વાતની રજૂઆત જિલ્લા કલેકટરને પણ કરવામાં આવી જે બાદ તાકીદે જિલ્લા કલેકટર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો અને ન્યારા નજીક ૬૦ એકર જમીનનો કબજો પણ હવે નાયબ જેલ અધિક્ષકને સોંપવામાં આવ્યો છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# તાકાત દેખાડો

## મોબાઈલ ગેમના ચક્કરમાંથી છુટીને મેદાનમાં શક્તિ-કૌશલ્ય દેખાડવાની તક-ખેલ મહાકુંભ




નવી પેઢી ખુબ જ સ્માર્ટ છે. ઘણી બાબતો એવી છે કે, વડીલોએ પણ નવી પેઢી પાસેથી શીખવી જોઈએ. નવી પેઢીઓ પરંપરાગત જીવનશૈલીમાં આમૂલ પરિવર્તન કર્યું છે. તેમની ઘણીજ બાબતો આવકાર્ય છે. નવી પેઢીની સૌથી મોટી ખામી એ દેખાય છે કે, તે તન-મનથી ખુબ નબળી છે. થોડી વિપરીત સ્થિતિ આવે તો પણ હારી-થાકી જાય છે.

નવી પેઢીના મોટાભાગના જીવ મોબાઈલ- કોમ્પ્યુટરના આદી થઇ ગયા છે. સોશિયલ મીડિયામાં લડાઈ હાંકતા રહે છે. મોબાઈલ- કોમ્પ્યુટરમાં વિવિધ ગેઈમ રમીને તેમાં પરાક્રમો દેખાડતા હોય છે. આવી ગેઈમથી ઘણાના મગજ ચકરાવે ચઢી જાય છે. અમુક તો જીવ ગુમાવી દે છે.

વાસ્તવમાં મોબાઈલ ગેમ આભાસી ખેલ છે. આભાસી ખેલની લતમાં વાસ્તવિક ખેલ ચુકાઈ ગયા છે. ગુજરાતમાં લોકો વાસ્તવિક ખેલ તરફ વળે અને તન-મનથી સક્ષમ બને તથા રીયલ રોમાંચ માણે તે ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. આજથી ખેલકુંભ શરુ થાય છે.

વિવિધ વય-જૂથના લોકો માટે વિવિધ પ્રકારની વાસ્તવિક રમતોનું આયોજન થયું છે. દરેક ગુજરાતીને ખેલવાની તક આ આયોજનમાં મળે છે. રીયલ ખેલથી તન-મન બંને મજબુત બને છે. અને કૌશલ્ય ખીલે છે. હાલ સમાજમાં વિચિત્ર પ્રવાહ ચાલે છે. લોકોને ખાસ કરીને નવી પેઢીને નિષ્ફળતા સહન થતી નથી. જીવનમાં ભરતી-ઓટ સતત આવતા રહે છે. સફળ થાય ત્યારે છકી જાય અને નિષ્ફળ જાય ત્યારે ડીપ્રેશનમાં આવી જાય છે. આ બંને સ્થિતિ ખતરનાખ ગણાય.

મેદાની રમતોની જેમ જીવન પણ એક ખેલ છે. જેમાં હાર-જીત થતા રહે છે. આ બાબતોનો નક્કર અનુભવ ખેલ મહાકુંભમાં થાય છે. પરાજયને પચાવીને વધારે સક્ષમ બનવાની પ્રેરણા પણ ખેલ મહાકુંભ આપે છે. અનુકુળ-પ્રતિકુળ સંજોગોમાં ખેલ કૌશલ્ય દેખાડવાનો જોશ આવા આયોજનનો થકી મળે છે.

ગઈકાલે સમાચાર હતા કે, ક્રિકેટર વિનોદ કાંબલી જુના દોસ્ત સચિનને મળીને ભાવુક થઇ ગયો હતો. વિનોદ-સચિન બાળપણના મિત્રો છે. સાથે ક્રિકેટ રમ્યા કાંબલી ભારતની ક્રિકેટ ટીમમાં સ્થાન પ્રાપ્ત કરીને શરૂઆતમાં જ છવાઈ ગયો હતો, હવામાં ઉડવા લાગ્યો હતો. આ બાબત જ વિનોદની બરબાદીનું કારણ બની ગઈ છે. હાલ તેની કોઈ વેલ્યુ રહી નથી.

સફળતાની સ્થિતિમાં પણ ધૈર્ય કેળવવાની બાબત ખેલ મહાકુંભ દ્વારા મળી શકે છે. મેદાની રમતથી તન-મન મજબુત બને છે. કૌશલ્ય ખીલે છે. આ બધું જીવનભર ઉપયોગી બને છે.મોબાઈલની આભાસી ગેમમાંથી મુક્ત થઈને મેદાનમાં તાકાત દેખાડવાની તક છે. ખેલવાનું અનુકુળ ન હોય તો ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા પણ મેદાનમાં પહોચજો અને રોમાંચ માણજો.

" પ્રેમભક્તિના હસ્તાક્ષરે "

ઈશ્વર જો બોલતો થાય તો
સૌથી પહેલો વાંધો તેના ભક્તો ને જ પડે.!
મૌન મૂર્તિ ઘણાં સબંધો સાચવી ને બેઠી છે..



પુ ભક્તિ સ્વામીજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ ખીરસરા/ મેંદરડા
પ્રમુખશ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જિલ્લા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# આસામમાં માસ્ટર સ્ટ્રોક ગૌમાંસ પર પ્રતિબંધ

## મુખ્યમંત્રી હિમંતા બીસ્વા સરમાએ રેસ્ટોરન્ટ, હોટલ અને જાહેર કાર્યક્રમોમાં ગૌમાંસ પીરસવા પર મૂક્યો પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૪

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ એવો માસ્ટર સ્ટ્રોક રમ્યો છે કે કોંગ્રેસ આગળનો રસ્તો શોધી શકતી નથી. વાસ્તવમાં, સરમાએ બુધવારે એક નિવેદનમાં કહ્યું હતું કે રાજ્ય સરકારે રેસ્ટોરાં, હોટલ અને જાહેર કાર્યક્રમોમાં બીફ ખાવા અને પીરસવા પર પ્રતિબંધ મૂક્યો છે. બીફ એક એવો મુદ્દો હતો કે જેના પર કોંગ્રેસ વારંવાર આસામના મુખ્યમંત્રીને ઘેરી લે છે અને તેમને પહેલા તેના રાજ્યમાં તેના પર પ્રતિબંધ મૂકવા અને પછી અન્યને તેમ કરવા કહે છે. હવે જ્યારે આસામમાં બીફ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, ત્યારે કોંગ્રેસ પાસે હવે આ મુદ્દો નથી. રાજ્ય કેબિનેટની બેઠકમાં ગૌમાંસના વપરાશ અંગેના વર્તમાન કાયદામાં સુધારો કરીને નવી જોગવાઈઓનો સમાવેશ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. શર્માએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, અમે રેસ્ટોરાં, હોટલ અને જાહેર સ્થળોએ બીફ પીરસવા અને ખાવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે.

સીએમ સરમાએ કહ્યું કે આસામમાં અમે નિર્ણય કર્યો છે કે કોઈ પણ રેસ્ટોરન્ટ કે હોટલમાં બીફ પીરસવામાં આવશે નહીં અને તે કોઈપણ સાર્વજનિક ફંક્શન કે સાર્વજનિક સ્થળે પીરસવામાં આવશે નહીં, તેથી આજથી અમે હોટલ, રેસ્ટોરન્ટમાં બીફના સેવન પર પ્રતિબંધ લગાવી દીધો છે. સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. સરમાને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે જાહેર સ્થળોએ બીફ ખાવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું કે પહેલા તેમનો નિર્ણય મંદિરો પાસે ગૌમાંસ ખાવા પર પ્રતિબંધનો હતો, પરંતુ હવે અમે તેને સમગ્ર રાજ્યમાં લાગુ કરી દીધો છે, હવે તમે તેને કોઈપણ સમુદાયમાં ખાઈ શકશો નહીં.

સરમાએ કહ્યું કે હું આસામ કોંગ્રેસને ચેલેન્જ કરું છું કે કાં તો બીફ પ્રતિબંધનું સ્વાગત કરે અથવા પાકિસ્તાનમાં જઈને સ્થાયી થાય. થોડા દિવસો પહેલા સરમાએ કહ્યું હતું કે તેઓ નિયંત્રણો લાદવા માટે તૈયાર છે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભૂપેન કુમાર બોરાએ તેમને આસામમાં બીફ પર પ્રતિબંધ મૂકવા માટે પત્ર લખ્યો છે. આસામ કેટલ પ્રિઝર્વેશન એક્ટ ૨૦૨૧માં બીફ પર પ્રતિબંધ છે. જે વિસ્તારોમાં હિન્દુઓ, જૈનો અને શીખોની બહુમતી છે અને જે મંદિર અથવા સત્ર (વૈષ્ણવ મઠ)થી પાંચ કિલોમીટરની અંદર છે, ત્યાં પશુઓની કતલ અને ગૌમાંસના વેચાણ પર પ્રતિબંધ છે.

સીએમ સરમાએ અગાઉ આવા પ્રતિબંધને લાગુ કરવાના સંકેત આપ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગયા રવિવારે મીડિયા સાથે વાત કરતા, તેમણે કહ્યું હતું કે જો કોંગ્રેસ લેખિત વિનંતી રજૂ કરે તો તેઓ આસામમાં બીફના સેવન પર પ્રતિબંધ મૂકવા માટે તૈયાર છે. રકીબુલ હુસૈન સહિતના કોંગ્રેસના નેતાઓ દ્વારા આક્ષેપો કર્યા પછી આ નિવેદન આવ્યું છે, જેમણે મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા સમગુરી મતવિસ્તારમાં તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં મત મેળવવા માટે ભાજપ પર ગૌમાંસનું વિતરણ કરવાનો આરોપ મૂક્યો હતો.

### દામ્પત્ય જીવનમાં સ્નેહ, સમર્પણ અને વિશ્વાસ ન રહે તો સંસાર જીવન ડખ્ખે ચડે

# પત્નિએ શંકા કરતાં પતિએ કુહાડાના ઘા ઝીંકી રહેંસી નાંખી

## કોનો ફોન છે? એવુ પત્નિ દ્વારા પુછાતા પતિ કાળઝાળ થયોઃ ગઇકાલે ગાળો બોલતી પત્નિને નશાખોર પતિએ પતાવી દીધાની ઘટના બાદ સતત બીજી આવી ઘટનાથી ચકચાર

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા. ૪

રાજ્યમાં મારામારી અને હત્યાની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. કોઇને કોઇ સ્થળે નાની નાની વાતે પણ હત્યાઓ થઇ રહી છે. રાજકોટ શહેરમાં તાજેતરમાં પાર્કિંગમાં ઉભવા પ્રશ્ને અને ગાળ બોલવા મામલે યુવાનની નામચીન શખ્સે સરાજાહેર હત્યા કરી નાખી હતી. દરમિયાન ભાડલામાં એક નશાખોર પતિએ સતત ગાળો બોલતી પત્નિને લાકડાના ધોકા, પાટા ઢીકા મારીને મોતને ઘાટ ઉતારી હતી. ત્યાં પતિના હાથે પત્નિની હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં શંકા હત્યાનું કારણ બની હતી. પતિ કોઇ સાથે ફોનમાં વાત કરતો હતો ત્યારે પત્નિએ શંકા કરી કોનો ફોન હતો? તેમ પુછતાં ઝઘડો શરૂ થયો હતો અને રોષે ભરાયેલા પતિ લાકડા કાપવાના કુહાડાથી તૂટી પડ્યો હતો અને પાંત્રીસ વર્ષિય પત્નિની લોથ ઢળી ગઇ હતી.

દામ્પત્ય જીવનમાં પરસ્પર વિશ્વાસ, સ્નેહ, સમર્પણ હોય તો સંસાર જીવન સુખેથી આગળ વધતો હોય છે. જીણા મોટા કલેશ અનેક દંપતિ વચ્ચે હોય છે પણ તેમાં પાછળથી સમાધાન થઇ જતું હોય છે. ઘણીવાર વાત વણસી જાય તો તેનું ગંભીર પરિણામ આવતું હોય છે. આવી જ એક ઘટનામાં પતિના હાથે પત્નિની લોથ ઢળી ગઇ છે. વિગતો પર નજર કરીએ તો ભુજ તાલુકાના જદુરા ગામની સીમમાં પતિના અન્ય મહિલા સાથેના આડા સબંધની શંકાને કારણે લોહિયાળ અંજામ આવ્યો હોવાની ઘટના સામે આવી છે. દીકરી સાથે સીમમાં લાકડા કાપવા ગયેલા દંપતી વચ્ચે આ મામલે ઝઘડો થયા બાદ પાંત્રીસ વર્ષીય



પત્નિને કુહાડીના ઘા ઝીંકી તેનું ઢીમ ઢાળી દેવાતા આરોપી પતિને માનકુવા પોલીસે રાઉન્ડઅપ કરી લીધો હતો. વધુ વિગતો જોઇએ તો ફરિયાદી મહમદહનીફ રમજાન થેબાએ માનકુવા પોલીસ મથકે આરોપી સિદ્દીક ઉમર થેબા વિરૂધ્ધ ગુનો નોધાવ્યો છે. ફરિયાદીના જણાવ્યા મુજબ જદુરા વાડી વિસ્તારમાં રહેતા પાંત્રીસ વર્ષીય મુમતાજ સિદ્દીક થેબા પોતાની દીકરી મહેક અને આરોપી પતિ સાથે સીમમાં લાકડા કાપવા માટે ગયા હતા. દરમિયાન પોણા નવ વાગ્યાના અરસામાં પતિ કોઈ મહિલા સાથે ફોન પર વાત કરતો હતો.

વાત પુરી થયા બાદ કોનો ફોન હતો તે બાબતે પુછતા બન્ને વચ્ચે ઝઘડો થયો હતો.જેથી ઉશ્કેરાયેલા પતિએ પોતાની પાસે રહેલ કુહાડી મુમતાજને માથા,કપાળ અને હાથ-પગના ભાગે મારી ઈજાઓ પહોચાડી હતી.જે બાદ તાત્કાલિક ૧૦૮ મારફતે તેને સારવાર માટે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડી દેતા સમગ્ર મામલો હત્યામાં ફેરવાયો હતો. આ બાબતે માનકુવા પીઆઈ ડી.એન.વસાવા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, બનાવની જાણ થતા પોલીસ હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. સમગ્ર ઘટના પાછળ પ્રાથમિક તપાસમાં આરોપી પતિને અન્ય મહિલા સાથે આડા સબંધ હોવાનું સામે આવ્યું છે.જેના કારણે બન્ને વચ્ચે ઝઘડો થયો હતો.હાલ પોલીસે આરોપીને રાઉન્ડઅપ કરી લીધો છે જેની વધુ પૂછપરછ યથાવત રાખવામાં આવી હતી.

આ પ્રકારની હત્યાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. માણસ જો ક્રોધ પર થોડો કાબુ કરતાં શીખી જાય તો આવી ઘટનાઓ બનતી અટકી શકે છે. નહિ જેવી વાતે માણસ બીજા માણસના લોહીનો તરસ્યો બની તૂટી પડી જે તે પરિવારના માળા વેરવિખેર કરી નાખતો હોય છે. આ ઘટનામાં પણ પત્નિએ કરેલી શંકા તેના મોતનું કારણ બની હતી. ખુદ પતિએ જ સંતાનોને મા વિહોણા કરી નાખ્યા હતાં.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચાલો પ્રાર્થના કરીએ

## નૈયા ઝુકાવી મેં તો ..! એ પ્રાર્થના થકી સર્વ સમર્થ પ્રત્યેની શ્રદ્ધાનો દિપક અજવાળી એ..!



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પ્રાર્થના એટલે સીધા સાદા શબ્દોમાં કહીએ તો ઈશ્વરને રજુઆત કરવી. સામાન્ય રીતે જીવને જ્યારે જ્યારે કંઈ ન સુઝે એવી પરિસ્થિતિમાં આવે, ત્યારે તેને ઈશ્વર યાદ આવે છે. સંજોગો દરેક વખતે ખરાબ નથી હોતા, પરંતુ આપણી સહનશક્તિ ઓછી હોવાને કારણે તેને ગંભીર બનાવી દેવામાં આવે છે,ખાસ કરીને પારિવારિક સંબંધમાં કોઈને સહન કરવું પડતું હોય, કાંતો વ્યક્તિ મૌન બની જાય, અને કાંતો વ્યક્તિ વિદ્રોહ કરે છે.જો વ્યક્તિ મૌન બની જાય તો એની પાસે ઈશ્વરને રજુઆત કરવા સિવાય કોઈ રસ્તો નથી,અને ઈશ્વર જ તેની આ પરિસ્થિતિનો હલ લાવી શકે તેમ છે, એવું વિચારીને શરણાગતનાં ભાવ સાથે પ્રાર્થના કરે છે. પરંતુ એનો એનો મતલબ એવો નથી, કે ઈશ્વરને પ્રાર્થવા માટે આવી કોઈ ઘડીની પ્રતીક્ષા કરવી, અથવા તો નાની સમસ્યા વખતે ઈશ્વરને પરેશાન કરવા! પણ એક વાત નક્કી છે કે ક્યાંય માર્ગ ન દેખાય ત્યારે જીવન રાહ પ્રકાશિત કરવા માટે ઈશ્વર જ સમર્થ છે. મોટાભાગનાની જીંદગી, સમર્થ ને સમર્થ સમજવામાં જ ચાલી જાય છે, અને સમજાય ત્યારે લગભગ જીવનનો આરો હોય છે. પણ પ્રાર્થના એ સામાજિક કે વૈશ્વિક શાંતિ માટે સામુહિક રીતે થતું ગાન છે. આજે વિશ્વ આખા સામે વિશ્વ યુદ્ધનો ખતરો છે, અને એટલે ચિંતિત છીએ. કારણ ગમે તે હોય, પણ આ અશાંતિનો સામનો ગમે ત્યારે ગમે તે દેશને થઈ શકે તેમ છે, એ વાતથી કોઈ અજાણ નથી. પ્રશ્ન સૃષ્ટિનો હોય, કે સમાજનો હોય પણ તેનું ચક્ર અનિયમિત કરનાર અંતે તો આપણે જ છીએ, અને પેલા નાના બાળકની જેમ બધું ઉંધુચત્તું કરીને પછી ન થાય એટલે રાડારાડ કરે, તેમ હવે બધે જ પ્રદુષણ ભ્રષ્ટાચાર કે અનીતિનુ આચરણ કરી હવે બૂમબરાડા પાડીએ છીએ, અને પછી કોઈ જ રસ્તો ન દેખાતા સર્વ સમર્થ ઈશ્વરને શરણે જઈએ છીએ, આપણે આજે આવી જ એક પ્રાર્થના વિશે વાત કરીશું.

નૈયા ઝુકાવી મેં તો
નૈયા ઝુકાવી મેં તો જોજે ડુબી જાય ના,
ઝાંખો ઝાંખો દિવો મારો જોજે રે બુઝાય ના સ્વાર્થનું સંગીત ચારે કોર બાજે,
કોઇનું કોઇ નથી દુનીયામાં,
આજે તનનો તંબુરો જોજે બેસુરો થાય ના
ઝાંખો ઝાંખો દીવો પાપ ને પુણ્યના ભેદ રે પરખાતા રાગ ને દ્વેષ આજે,
ઘટ ઘટ ઘુંટાતા જોજે,
આ જીવનમાં ઝેર પ્રસરાય ના ઝાંખો ઝાંખો દીવો
શ્રધ્ધાના દિવડા ને,
જલતો તું રાખજે નિશદિન,
સ્નેહ કેરું તેલ એમાં નાખ,
જે મનને મંદીર જોજે અંધકાર થાય ના
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાય ના.

કેટલું સુંદર પ્રાર્થના ગીત છે, પરંતુ આટલી સરસ રચનાનાં રચયિતા વિશે બહુ કોઈ ખાસ માહિતી નથી. ગુગલ પણ આમાં મારી કોઈ સહાયતા ન કરી શક્યું. કેવી અજીબ લાગે તેવી વાત છે નહીં!! આપણે તો પાંચ શબ્દો આમતેમ કરી લખીએ તો મારી રચના!! મારી રચના!! કરી ઢંઢેરો પીટ્યા કરીએ છીએ, અને આટલી સરસ રચના કોઈ આપણને દાન કરી ગયું. છતાં કોઈની જાણમાં હોય તો એને નમન. આમ પણ કવિ જ્યારે લખે છે, ત્યારે તે કોઈ પ્રસિદ્ધિ માટે થોડુ લખે છે! એ તો પોતાના આત્મ સંતોષ માટે લખે છે, અને વધુ કહીએ તો પોતાના મનની પરિસ્થિતિથી ઈશ્વરને વાકેફ કરે છે. અથવા તો મારો પોતાનો અનુભવ ટાંકું તો ઘણીવાર કંઈ જ સુઝતું ન્હોય! અને એમ થાય આજે શું લખીશ! ત્યારે જન હિતાય ક્યારેક અસ્તિત્વ જ લખાવે છે.

કવિ પોતાના જીવન ને નાવ કહે છે,અને આ સંસારમાં તેને મેં નાખી કે ઝુકાવી છે,તો હે ઈશ્વર તું એ ડુબે નહીં તેનું ધ્યાન રાખજે.સંસારી ઓનાં આત્મ દીપ માંડ માંડ પ્રગટતા હોય અને પ્રગટ્યા હોય તોય ઝાંખા જ હોય, કારણ કે અનીતિથી તે ગમે સમયે તે પલટી જાય તે કહેવાય નહીં,તો આત્મ દીપનો ઝાંખો ઝાંખો દીવો મારો બુઝાય નહીં તેનો ખ્યાલ રાખજે. જગત મિથ્યા છે અને સ્વાર્થી છે, ચારેબાજુ થી એવા અનુભવ થાય છે.

કોઈ નું કોઈ સગું નથી. આ દુનિયાની ભયંકર હતાશાની પરિસ્થિતિમાં કવિ ફસાઈ ગયા છે,અને ક્યારે વિદ્રોહ કરી જાય તે કહેવું મુશ્કેલ છે, માટે ઈશ્વર ને પ્રાર્થના કરે છે કે મારા તનનો તંબુરો બેસુરો થાય નહીં, કેટલું અદભૂત કલ્પન! સામાન્ય રીતે તન એટલે શરીર બેસુરુ એટલે અસ્વસ્થ પણ કહી શકાય પણ કવિ મન ને કારણે તન ખરાબ ન થાય એવી વાત કરતા હોય એવું લાગે છે. દુનિયામાં ચારેબાજુથી સંબંધની રીતે ભીંસમાં આવી ગયા છે, પોતાના ને દુનિયા ના મતે પાપ પુન્યનો કરો ભેદ હવે સમજાય છે,ઉપર ઉપરથી જ તેને ડરી ને આજ સુધી જે મહત્વ અપાયું હતું, અને ખોટા ખોટા રાગ દ્વેષના કારણોથી સાંસારિક પ્રવૃત્તિમાં સતત જોડાયેલો રહું છું, અને અંતરના આ ભાવ રક્તની જેમ ઘુટાય તો તેનું ઝેર પ્રસરાય નહીં તેનું હે ઈશ્વર ધ્યાન રાખજો.મારી તારા તરફની શ્રદ્ધા અખંડ રાખજે,એ એટલે શ્રદ્ધાનો દીવો નિરંતર પ્રગટેલો રહે એ માટે સ્નેહનું તેલ તું એમાં પુરતો રહેજે, અને મન ને મંદિરિયે અંધારું થાય નહીં એનો ખ્યાલ તું રાખજે, અને આ ઝાંખો ઝાંખો દીવો મારો બુઝાય નહીં એનું તું ધ્યાન રાખજે.આમ કવિ ઈશ્વર ચરણે શરણાગતિ સ્વીકારી ને આ પ્રાર્થના કરે છે.

દરેકના જીવનમાં આવી ઘડી આવે જ છે, પરંતુ ત્યારે ઘણા શરણાગતિ સ્વીકારે છે અને ઘણા બગાવત કરે છે.બગાવત કરે એ જીવન મુલ્યોને કોરે મુકીને જીવે છે, પછી તેના જીવનમાં નીતિ જેવું કંઈ રહેતું નથી, અને આવા લોકોને કારણે સમાજનું પતન થાય છે. જ્યારે શરણાગતિ સ્વીકારનાર ઈશ્વર ચરણે જાય છે અને કહે છે કે આવી વિકટ પરિસ્થિતિમાંથી તમે મને બહાર કાઢો, અથવા હવે જે કંઈ આયુષ્ય બચ્યું છે, એ તે ધાર્યું હોય તેમ જીવીશ,મારી બુદ્ધિની કોઈ ચતુરાઈ કે ચંચળતા એમાં વચ્ચે નહીં નાખું. આમ જુવો તો ખેલ બધા બુદ્ધિનાં જ છે, તે જ જીવને નચાવે, અથવા પ્રપંચ કરાવે છે. આપણે સૌ પણ સમર્થની શરણાગતિ સ્વીકારી એ તો કેટલીય વૈશ્વિક સમસ્યાનું સમાધાન મળે એમ છે, બાકી લાખ ઉપાય કરો બધું જ નકામું સાબિત થાય છે. ઈશ્વર ને ઈશ્વર તરીકે સ્વીકારતા આટલો સમય લાગી ગયો, હવે જ્યારે એને સમર્થ માની ગયા છીએ, તો એનાં શરણે જઈને એને જાત સોંપી નિશ્ચિત થવામાં જ ભલાઈ છે.આપણે સૌ એના ચરણમાં જાત સોંપીને કાચીંડા જેમ રંગ બદલતાં સંબંધ કે સંસારમાં નિશ્ચિત થઈ જીવન જીવીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### પતિ-પત્નિ વચ્ચે સર્જાતી ચડભડને કારણે બે ગંભીર પ્રકારની ઘટનાઓ ઘટી

# ધણીની ધોખાધડીઃ પત્નિ-પુત્રીને તરછોડી વિદેશ ભેગો થઇ ગયો!

## એક ડોસા પાસે તેની વૃધ્ધ પત્નિએ બહેનના ઘરે જવા રૂપિયા માંગ્યાઃ ન દેતાં લોખંડના ચિપીયાથી ફટકારી લોહીલુહાણ કર્યા!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૪**

અનેક એવા કુટુંબ પરિવાર હોય છે જેમાં પતિ સાથે પત્નિ અથવા તો પત્નિ સાથે પતિ ધોખાધડી કરતો હોય છે. આ પ્રકારની એક બીજા સાથેની દગાખોરી સુખભર્યા સંસાર જીવનમાં પલીતો ચાંપવા માટે નિમીત બનતી હોય છે. દગાખોરી, ધોખાધડીની અનેક ઘટનાઓમાં ઘરમેળે કે સમાજ લેવલે સમાધાન થઇ જતાં હોય છે તો ઘણીવાર વાત પોલીસ સુધી પહોંચી જતી હોય છે. બે એવી ઘટના સામે આવી છે જેમાં એક પતિ દગાખોરી આચરી પત્નિ અને દિકરીને મુકી વિદેશ ભાગી ગયો હતો. આ પતિ તેની પત્નિને સતત એવા મેણા મારતો હતો કે તું પરણીને આવી ત્યારથી આજ સુધીના નવ વર્ષમાં મારા પર સતત દેણું થઇ ગયું છે. આ પછી તે વિદેશ ભાગી ગયો હતો. બીજા એક કિસ્સામાં ડોસા-ડોસીનું સંસાર જીવન ડખ્ખે ચડી જતાં ડોસીએ પોતાના વૃધ્ધ પતિને ચીપીયાથી માર મારી લોહીલુહાણ કરી દીધા હતાં!

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ઘોડાસરમાં લગ્નના નવ વર્ષથી આજદિન સુધી સાસરીયા દ્વારા મહિલાને ત્રાસ આપવામાં આવતો હતો. જેમાં ખાસ કરીને લગ્નના એક મહિના બાદ પતિને દેવું થઇ જતા પત્ની સાથે તકરાર કરીને મારઝૂડ કરીને ત્રાસ આપતો હતો. તેમજ રાત્રે ઘરે મોડા આવતા પત્નિ પૂછે તો માર મારતો હતો. એટલુ જ નહી પતિ પત્નીને મૂકીને ઓસ્ટ્રેલિયા જતો રહ્યો હતો. ત્યાં જઈને પણ પત્ની સાથે બરોબર વાત કરતો ન હતો. આખરે કંટાળીને પતિ સામે અમદાવાદ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે. પોલીસે જાહેર કરેલી વિગતો જોઇએ તો ઘોડાસરમાં રહેતા અને નિકોલમાં વિઝાની ઓફિસમાં નોકરી કરતી પાંત્રીસ વર્ષની મહિલાએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં પતિ સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના લગ્ન વર્ષ ૨૦૧૫માં ઘોડાસરમાં લગ્ન થયા હતા. લગ્નના એક મહિના બાદ પતિને દેવુ થઇ ગયું હોવાનું કહીને



અવાર નવાર પત્ની સાથે ઝઘડો કરીને મારઝૂડ કરીને ત્રાસ આપતો હતો.

એટલું જ નહી રાત્રે મોડા આવવાનુ કારણ પત્ની પૂછે તો મારતો હતો અને પતિ પુત્રી અને પત્નીને સરખું ખાવાનું પણ આપતો ન હતો. વર્ષ પહેલા પતિ ઓસ્ટ્રેલિયા ભાગી ગયો હતો, જેથી પત્નિ ફોન કરીને વાત કરવા જાય વાત પણ કરતો ન હતો. તેમજ અવાર નવાર અસહ્ય ત્રાસ આપતો હતો. આખરે કંટાળીને મહિલાએ ઇસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ રાજ્યના પાટનગર ગાંધીનગર શહેર નજીક આવેલા ઝુંડાલમાં બન્યો છે. અહિ વૃધ્ધાએ પોતાના વૃદ્ધ પતિને બહેનના ઘરે જવા રૂપિયાની વ્યવસ્થા કરવાનું કહી તકરાર કરીને માથામાં લોખંડના ચીપિયો મારી દેતા લોહી નીકળવા લાગ્યું હતું અને સારવાર માટે વૃદ્ધને ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જે મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કર્યો હતો. વધુ માહિતી અનુસાર ઝુંડાલ ખાતેની સોસાયટીમાં રહેતા વૃદ્ધ દંપતીને સંતાનમાં સાડત્રીસ વર્ષની દીકરી અને બત્રીસ વર્ષનો દિકરો છે. સાંજના વૃદ્ધ પતિ પત્નિ ઘરે હાજર હાજર હતા. તે સમયે પત્નિએ પતિ પાસે જઈને કહ્યું હતું કે મારે મારી બહેનના ઘરે મહેસાણા જવાનું છે. તમે મારી સાથે ચાલો અને ત્યાં જવા માટે ગમે ત્યાંથી પૈસાની વ્યવસ્થા કરી લો.

જોકે વૃધ્ધ પતિએ સાથે જવાની અનિચ્છા દર્શાવી હતી. આ સાંભળીને પત્નિએ પોતાનો પિત્તો ગુમાવી દીધો હતો અને રસોડામાં જઈને લોખંડનો ચીપીયો લઈ આવી વૃદ્ધ પતિને ફટકારવાનું શરૂ કરી દીધું હતું. ચીપીયો માથાના ભાગે વાગવાથી વૃદ્ધને માથામાંથી લોહી વહેવા લાગ્યું હતું. જેથી ગભરાઈ ગયેલ પતિ જેમતેમ કરીને ઘરની બહાર નીકળી ગયા હતા અને સોસાયટીના સુપરવાઇઝર મારફતે દીકરાને સઘળી હકીકત જણાવી હતી. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને ગાંધીનગર સિવિલ સારવાર અર્થે લઈ જવાયા હતા. જ્યાં વૃદ્ધને પ્રાથમિક સારવાર કરીને રજા આપી દેવામાં આવી હતી. એ પછી પોતાના દિકરાને સાથે રાખી વૃદ્ધ અડાલજ પોલીસ મથકે પહોંચી ગયા હતા અને પોતાની પત્નિ વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# રાજ્યના સરકારી કર્મચારીઓ-પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો કર્યો વધારો

### ૧ જુલાઈ ૨૦૨૪થી મૂળ પગારના ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે



રાજકોટ મિરર, ગાંધીનગર તા. ૪

રાજ્ય સરકારી કર્મચારીઓ માટે મોટા સમાચાર સામે આવ્યા છે. નાણા વિભાગ દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેમાં ૧ જુલાઈ ૨૦૨૪થી ૩ ટકાનો વધારો કરી ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કરવામાં આવ્યું છે. એટલે હવે ૧ જુલાઈ ૨૦૨૪થી મૂળ પગારના ૫૩ ટકા મોંઘવારી ભથ્થું પેન્શનરોને અને કર્મચારીઓને મળશે.

ગુજરાત સરકાર મોંઘવારી ભથ્થામાં વધારો કરવાની જાહેરાત કરી છે, ત્યારે તેમાં હવે રાજ્યના લગભગ ૪.૪૫ લાખ કર્મચારી સહિત ૪.૬૩ લાખ પેન્શનરોને લાભ મળશે. જેમાં રાજ્ય સરકાર અને પંચાયતના કર્મચારીઓને જુલાઈ ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ સુધીના મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના પગાર તફાવતની રકમ ડિસેમ્બરના પગાર સાથે (પેઈડ ઈન જાન્યુઆરી ૨૦૨૫) રોકડમાં ચૂકવવાની રહેશે. જેમાં મોંઘવારી ભથ્થામાં ૫૦ પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ પૈસા કરતા ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહીં.



# જસદણ : લેન્ડગ્રેબિંગના કેસમાં આગોતરા જામીન મંજુર

રાજકોટ મિરર, તા.૪

જગદીશભાઈ જેઠાભાઈ દેવીપુજક અને નાથીબેન જેઠાભાઈ દેવીપુજકની વારસાઇ મિલ્કત કે જેનો વર્ષોથી વાડોદ મુકામે આવેલી રે.સ.નં.૨૩ પૈકી ૧ તથા ૨૩ પૈકી ૨ ની કુલ જમીન હે.આરે.ચો.મી.૧૧--૮૩-૭૧ ઉપરાંતનો કબજો ભોગવટો લીંબાભાઈ ભડાણીયાની સ.સ.ન.૨૨ પૈકીની જમીન માંહેનો આવેલ હોય તેવી કલેક્ટર સમક્ષની રજુઆત મુજબની ફરીયાદ દાખલ થઇ હતી.

જેમાં અગાઉ હાઈકોર્ટ સમક્ષ ફરીયાદ રદ કરવા કાર્યવાહી થયેલ જે કાર્યવાહી દરમ્યાન સ્ટે ઉઠી જતા જસદણ પોલીસ સ્ટેશન સમક્ષ નોધાયેલી ફરીયાદ અન્વયે નાયબ પોલીસ અધીક્ષક ગોડલ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતા ખોટી અને પાયાવિહોણી ફરીયાદના કામે નાથીબેનની ધરપકડ થાય તેવી દહેશત હોવાથી અને અરજદાર નાથીબેન તથા તેના પરીવારનો વર્ષોથી કબજો ભોગવટો આવેલ હોય અને ખેતી કરી પોતાના પરીવારનુ ગુજરાન ચલાવતા હોય જે હકીકત મુળ ફરીયાદી જાણતા હોવા છતા કબજેદાર માલીકને હેરાન કરવા લેન્ડ ગ્રેબીગ જેવી ગંભીર કાર્યવાહી કરી કરાવી જસદણ પોલીસ સ્ટેશન મારફત ગુન્હો દાખલ કરાવ્યો હતો.

જે સબંધે નાથીબેન જેઠાભાઈ દેવીપુજકની રાજકોટ સેસન્સ કોર્ટ બાદ હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન અરજી ગુજારતા અરજદાર નાથીબેનને આગોતરા જામીન મંજુર મંજુર કાર્ય છે. આ કેસમાં નાથીબેન જેઠાભાઈ વતી એડવોકેટ મેહુલ પાડલીયા તથા ગોંડલીયા એસોસીએટસના જયેન્દ્ર એચ. ગોડલીયા વિગેરે રોકાયા હતા.

### રૂ.૧૫૫ લાખના ખર્ચે બનનાર

# રાણપુર-જીયાણા એપ્રોચ રોડના કામોનું ખાતમુર્હુત



રાજકોટ મિરર, તા.૪

રાજકોટ જીલ્લા પંચાયત રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે. ત્યારે રાજકોટ તાલુકાના રાણપુર તથા જીયાણા ગામે ગ્રામ્ય વિસ્તારનાં લોકોની અવરજવર, વાહન વ્યવહાર તથા સુખાકારીમાં વધારો કરતા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂ. ૧૫૫ લાખના ખર્ચે રાણપુર એપ્રોચ રોડ તથા જીયાણા એપ્રોચ રોડનું આજ રોજ વિસ્તારનાં ધારાસભ્ય જીતુભાઇ સોમાણી,મહાનુભાવો અને ગ્રામ્ય જનોની ઉપિસ્થિતીમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી તથા તેમના પતિ સંજયભાઇ રંગાણી દ્વારા મોદીનાં 'સ્વચ્છ ભારત અભિયાન' ના સુત્રને સાકાર કરવાના ભાગરૂપે પોતાના સ્વખર્ચે પોતાના વતન તથા મતવિસ્તાર રાણપુર ગામે (૨ ) ટ્રેક્ટર ટ્રોલી સાથે સ્વ.ભીમજીભાઈ રંગાણી તથા ગુરૂદેવ લક્કડદાસ બાપુના સ્મરણાર્થે માન.ધારાસભ્યની ઉપસ્થિતિમાં રાણપુર ગ્રામ પંચાયતને અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ ચેતનભાઈ કથીરિયા,તાલુકા ભાજપ પ્રમુખ જે.કે.પીપળીયા,અગ્રણીઓ પ્રકાશભાઈ કાકડિયા, કાનજીભાઈ મેઘાણી,રાણપુર સરપંચ પ્રવીણભાઈ કાકડિયા,જીયાણા સરપંચ જયસુખભાઈ મોતાણી,રાણપુર ગામના આગેવાનો ધીરુભાઈ વાડોદરિયા, પરસોત્તમભાઈ રંગાણી, વિપુલભાઈ રાઠોડ, ભરતભાઈ રંગાણી, ચોથાભાઈ બાબૂતર, સુરેશભાઈ વેકરીયા, ગોવિંદભાઈ અજાણી, રવજીભાઈ ધામેચા, ઘેલાભાઈ બાબૂતર, બાબુભાઇ ધામેચા, લાલજીભાઈ ખોયાણી, કડવાભાઈ ખોયાણી, દિનેશભાઇ પરસાણા,જીયાણા ગામનાં આગેવાનો લાલજીભાઈ સરવૈયા, શૈલેષભાઇ ગાંગાણી, કેતનભાઈ મેવાસિયા,ઉપસરપંચ બાબુભાઇ ઢોલરીયા તથા મહાનુભાવો, અગ્રણીઓ, ગ્રામજનો ઉપિસ્થિત રહ્યા હતા.

### રંગીલા, મોજીલા, શાંત શહેરને લાગી કોઇની નજર...વધુ એક ટોળકીએ મચાવ્યો આતંકઃ જીવ હણવા પ્રયાસ

# કૂકની હત્યાનો પ્રયાસઃ ઓનલાઈન ધમકી, પછી રૂબરૂ આવી તૂટી પડ્યા

## કાલાવડ રોડની હોટેલમાં નોકરી કરતાં નેપાળી યુવાનના કુટુંબી ભાઇ સાથે નેપાળમાં બીજા નેપાળીને ડખ્ખો ચાલતો હોઇ તેનો ખાર રાખી અન્ય નેપાળીએ ચાર શખ્સો સાથે મળી છરી-ધોકાના ઘા કર્યાઃ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૦૪**

રંગીલા, મોજીલા અને શાંત શહેર રાજકોટની શાંતિની જાણે નજર લાગી ગઇ હોઇ તેમ રોજબરોજ સરાજાહેર બઘટાડી, મારામારીની ઘટનાઓ, હત્યાના પ્રયાસ અને હત્યાની ઘટનાઓ બનતી જ રહે છે. નાના મોટા કારણોસર થઇ રહેતા આવા ડખ્ખાઓમાં વધુ ઉમેરો થયો છે. હત્યાની કોશિષની વધુ એક ઘટના પોલીસ દફતરે દર્જ થઇ છે. કાલાવડ રોડ પર કાઠીયાવાડી જલ્સા હોટલ નજીક મોડી રાતે નેપાળી કૂકને આંતરી અન્ય નેપાળી શખ્સોની ટોળકીએ છરી, ધોકાથી તૂટી પડી બેફામ માર મારી પતાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. નેપાળ વતનમાં આ યુવાનના કુટુંબી ભાઇ સાથે હુમલાખોરના ભાઇને મનદુઃખ ચાલતું હોઇ તેનો ખાર ઉતારવા હુમલો કરાયો હતો. હુમલાખોરે બપોરે ફેસબૂક પર ઓનલાઇન થઇને લાઇવ કરી ગાળો દીધી હતી અને બાદમાં રાતે ઓફલાઇન એટલે કે રૂબરૂ આવીને તૂટી પડ્યો હતો.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં મોટામવામાં આવેલી કસ્તુરી ફૂડ કોર્ટ હોટલમાં કૂક સહિતના કામ કરતો વીસ વર્ષનો ગૌરવ શેરબહાદુર શાહુ-છેત્રી રાતે કસ્તુરથી નજીકમાં કાઠીયાવાડી જલ્સા હોટલ પાસે હતો ત્યારે હુમલો થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચે યુનિવર્સિટી પોલીસને કરતાં પીએસઆઇ ડી.આર. રત્નુએ હોસ્પિટલે પહોંચી ગૌરવ છેત્રીની ફરિયાદ પરથી નેપાળી રાજન છેત્રી અને ત્રણ અજાણ્યા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. ગૌરવે જણાવ્યું હતું કે હું નેપાળના કેલાલી જીલ્લાના ટીકાપુર ગામનો વતની છું. હાલમાં કાલાવડ રોડ સરિતા વિહારના પૂલ પાસે ભાડેથી ઓરડીમાં રહુ છું અને મોટા મવા કસ્તુરી ફૂડ કોર્ટ ખાતે નોકરી કરુ છું.

રાતે પોણા ત્રણેક વાગ્યે હું અને મારા કુટુંબી ભાઇ અવધના ઢાળ પાસે રહેતાં વિશાલ અમરસિંગ ઠાકુર સાથે નોકરીએથી છુટીને અમારી રૂમ પર જતાં હતાં ત્યારે કસ્તુરી હોટેલથી આશરે બે મિનીટના રસ્તે મારી ઓરડી



હુમલાખોર રાજને બપોરે ફેસબૂક પર 'ઓનલાઇન-લાઇવ' કરી ગૌરવને ખુબ ગાળો દીધી, મેદાને આવી જવા કહ્યું અને રાતે 'ઓફલાઇન-રૂબરૂ' આવી ઘા કરી ગયો

નજીક પૂલ પહેલા પાંચ જણા છરીઓ અને ધોકા સાથે ઉભા હતાં. આ પાંચેયએ મારા પર હુમલો કરવો દોટ મુકી હતી. જેમાં એક રાજશન છેત્રી હતો અને બીજો ગૌરવ હતો. રાજન સાથે અગાઉ મારે ઝઘડો થયો હતો. મને બધાએ મોટરસાઇકલ પરથી ખેંચીને નીચે પાછી ધોકા-છરીથી માર માર્યો હતો. મારા કુટુંબી ભાઇ વિશાલે બાઇક હંકારી મુક્યુ હતું અને તે દૂર જતો રહ્યો હતો.

ત્યારબાદ પાંચેયએ મને આડેધડ ઘા માર્યા હતાં. જેના કારણે લોહી નીકળવા માંડ્યા હતાં. મને બંને હાથની કોણી નીચે, વાંસામાં, હાથના આંગળામાં, માથામાં ઈજાઓ થઇ હતી. આ બધા હુમલો કરીને ભાગી ગયા હતાં. બદામાં મારો ભાઇ વિશાલ અને અમારા જાણીતા લોકોએ આવી મને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. ગૌરવે વધુમાં જણાવ્યું હતું કે અગાઉ મારા કુટુંબી ભાઇ શાહબાઝ સાથે અમારા વતનમાં રાજન છેત્રીના ભાઇએ ઝઘડો કર્યો હતો. તેનો ખાર રાખી રાજને તેની સાથેના ચાર અજાણ્યા સાથે મળી છરી, ધોકાથી તૂટી પડી હુમલો કરી મને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો.

બનાવને પગલે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એમ. જી. વસાવા, પીએસઆઇ ડી.આર. રત્નુ અને ડી. સ્ટાફની ટીમોએ ગુનો નોંધી આરોપીઓને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી. બીજી તરફ હુમલામાં ગંભીર રીતે ઘાયલ ગૌરવ શાહુ-છેત્રી હાલ તેના માતા સાથે રાજકોટ રહે છે. તેણે હોસ્પિટલના બિછાનેથી કહ્યું હતું કે જુના મનદુઃખનો ખાર રાખી ગઇકાલે બપોરે બારેક વાગ્યે રાજન છેત્રીએ પહેલા ફેસબૂક પર લાઇવ કરી મને ગાળો દઇ આવી જા મેદાનમાં તેમ કહીને મને ઉશ્કેર્યો હતો. બાદમાં રાતે વોચ રાખી હું હોટલેથી નોકરી પુરી કરીને નીકળતાં હું જ્યાં રહુ છે એ ઓરડી નજીક જ હીચકારો હુમલો કર્યો હતો. રાજન હાલમાં રાજકોટ અમદાવાદ રોડ પરની કોઇ હોટલમાં નોકરી કરી એ તરફ જ રહે છે. પોલીસ આરોપીઓને શોધી રહે છે. શહેરમાં રોજબરોજ સરાજાહેર બની રહેલી હુમલાની ઘટનાઓ વચ્ચે વધુ એક યુવાનને મારી નાખવાનો પ્રયાસ થયો છે.

અણધાર્યા મૃત્યુનો સિલસિલો: અકાળે આવી જતાં કાળના તેડાઓ જુદા જુદા પરિવારોને આપે છે કારમો આઘાત

# યુવાન માટે 'કાર' બની ગઇ 'કાળ': બીજા યુવાને એસિડ પી કર્યો આપઘાત

## ત્રીજા કિસ્સામાં કચ્છથી લગ્નમાં રાજકોટ આવેલા આધેડને દિલ દગો દઇ ગયું: ચોથા બનાવમાં ગોંડલ રોડેથી અર્ધબેભાન મળેલા યુવાને કાયમને માટે આંખો મીંચી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

રોજબરોજ કોઇને કોઇ પરિવારના સ્વજન, આધારસ્તંભ કે એકના એક દિકરા અથવા દિકરીની દુનિયામાંથી કાયમને માટે અલગ અલગ કારણોસર વિદાય થઇ જતી હોય છે. આવી ઘટનાઓ રાજકોટ શહેર સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં જાહેર થતાં અલગ અલગ પોલીસ સ્ટેશનો દ્વારા આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરવામાં આવતી હોય છે. પોલીસ માટે આ એક માત્ર કાર્યવાહી હોય છે પણ જેણે સ્વજનો ગુમાવ્યા હોય છે તેમના હૃદયે કારમા ઘા લાગ્યા હોય છે. વધુ આવી ઘટનાઓ જાહેર થઇ છે જેમાં એક યુવાનનું વાહન અકસ્માતમા મોત થયું છે, એકે આપઘાત કર્યો છે, એક આધેડ લગ્નમાં આવ્યા બાદ હૃદયે દગો દઇ દીધો હતો. અન્ય એક યુવાન બેભાન હાલતમાં મળ્યા બાદ જીવ ગુમાવ્યો હતો.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરના મોરબી રોડ પર બાલગોપાલ હોટલ પાસે બે દિવસ પહેલા પગપાળા જઇ રહેલા મુળ એમપીના યુવાનને કારના ચાલકે ઉલાળી દેતાં ગંભીર ઇજા થઇ હતી. તેનું સારવાર દરમિયાન મોત નિપજતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જાણવા મળ્યા મુજબ મુળ મધ્યપ્રદેશના છત્તરપુરના ગૌરીહાર તાબેના નાહરપુર ગામનો બાવીસ વર્ષનો ગોવિંદ તુલસીભાઇ આહિરવાર નામનો યુવાન મોરબી રોડ ચોકડી નજીક બાલગોપાલ હોટલ પાસે આવેલા કીયાન કંપની નામના કારખાનામાં નાના ભાઇ શિવચરણ સાથે કામ કરતો હતો અને ત્યાંની ઓરડીમાં જ રહેતો હતો. તા. ૨/૧૨ના સાંજે સાડા આઠેક વાગ્યે તે કારખાનાની નજીકમાં જ ચાલીને જતો હતો ત્યારે કારની ઠોકરે ચડી ગયો હતો. બનાવની જાણ થતાં તેનો નાનો ભાઇ શિવચરણ સહિતના લોકો ઘટના સ્થળે દોડી ગયા હતાં. જ્યાં ગોવિંદ હાથ, પગ, શરીરે ઇજાઓ થયેલી હાલતમાં જોવા મળ્યો હતો. નનજીકમાં જીજે૦૩કેપી-૬૩૪૬ નંબરની કાર જોવા મળી હતી. તેની હેડલાઇટમાં ઘોબો જોવા મળ્યો હતો. કોઇએ ૧૦૮ બોલાવતાં ગોવિંદને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પણ સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. તે પાંચ ભાઇ બહેનમાં મોટો અને



પરિણીત હતો.

બીજા બનાવમાં બાબરામાં રહેતાં પચ્ચીસ વર્ષના જેસર હિમતભાઇ મેર નામના યુવાને ગઇકાલે બપોરે આજીડેમ ચોકડીએ માનસરોવર પાસે ઓમચારૂલત્તા પાર્કમાં રહેતાં મિથુનભાઇ લીંબાભાઇ માયાણીના ઘરે એસિડ પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થયું હતું. બનાવથી પરિવારજનોમાં શોક છવાઇ ગયો હતો. આપઘાત કરનાર જેસર બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા કુંવારો હતો. જાણવા મળ્યા મુજબ તેના માસી અગાઉ રાજકોટ ઓમચારૂલત્તા પાર્કમાં મિથુનભાઇની બાજુમાં રહેતાં હોઇ તે અહિ આવતો જતો હોઇ મિથુનભાઇને ઓળખતો હતો. મિથુનભાઇ ચાંદી રેવવાનું કામ કરતાં હોઇ જેસર અહિ આ કામ શીખવા માટે આવ્યો હતો અને અહિ જ રહેતો હતો. ગઇકાલે અચાનક જ તેણે એસિડ પી લીધુ હતું. આવુ પગલુ શા માટે ભર્યુ? તે અંગે મિથુનભાઇ કે પરિવારજનો જાણતાં નથી.

ત્રીજા બનાવમાં હૃદય રોગના હુમલાથી કચ્છના આધેડનું મૃત્યુ થયું હતું. તેઓ રાજકોટ સાળાની દિકરીના લગ્ન પ્રસંગમાં આવેલા આધેડનું જાનની વિદાય બાદ રાતે સસરાના ઘરે ઢળી પડતાં બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર કચ્છના મેઘપરમાં રહેતાં પિસ્તાલીસ વર્ષના દિલીપભાઇ દામજીભાઇ ચૌહાણ રાતે સાડા નવેક વાગ્યે રાજકોટ સંત કબીર રોડ પર ગઢીયાનગરમાં સસરા મહાદેવભાઇ સોલંકીના ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. દિલીપભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. તેઓ કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. દિલીપભાઇના સાળાના દિકરીના લગ્ન હોઇ ગઇકાલે જાન આવી હતી. જાન વિદાય બાદ બધા વાળુ કરીને બેઠા હતાં ત્યારે એકાએક દિલીપભાઇને છાતીમાં દુ:ખાવો ઉપડ્યો હતો અને મૃત્યુ થયું હતું.

ચોથા બનાવમાં મુળ પોરબંદરનો વતની અને અગાઉ ખાનગી બસમાં ક્લીનર તરીકે કામ કરતો આડત્રીસ વર્ષનો રમેશભાઇ જવેરભાઇ જેઠવા નામનો યુવાન ગઇકાલે ગોંડલ રોડ મામલતદાર કચેરી નજીક અર્ધબેભાન મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર બે ભાઇમાં નાનો હતો. ઘણા સમયથી તે જ્યાંથી મળ્યો એ સ્થળે જ રહેતો હતો. તેને બિમારી પણ લાગુ પડી હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. આમ વધુ ચાર ઘટનાઓમાં અલગ અલગ પરિવારે પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં અરેરાટી વ્યાપી ગઇ છે.

# મારવાડી યુનિવર્સિટીમાં ૬ દિવસીય ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો



**૪૩ જેટલા ફેકલ્ટીસ - સ્કોલર્સએ લીધો ભાગ**

રાજકોટ મિરર, તા.૪

ગુજરાતની અગ્રણી મારવાડી યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર અને સાયન્સ વિભાગ દ્વારા એગ્રોટેક અને ફુડ પ્રોસેસિંગ વિષય પર તારીખ ૨૫ થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ દરમિયાન AICTE ATAL પ્રાયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. રાજેન્દ્રસિંહ જાડેજા, પ્રો વોઇસ ચાન્સેલર ડો. સંજીતસિંહ, એક્ઝિક્યુટિવ રજીસ્ટ્રાર નરેશ જાડેજા તથા ફેકલ્ટી ઓફ સાયન્સના ડિન ડો. કાન્તા દેવી અરુણાચલમ તેમજ એગ્રીકલ્ચર ડિપાર્ટમેન્ટના વડા ડો. હિમાલય પટેલે ઉપસ્થિત રહીને પ્રોગ્રામમાં સંબોધન કર્યું હતું. આ FDP માં ૪૩ જેટલા ફેકલ્ટીસ અને સ્કોલર્સએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી- રાજકોટ, અઅઅ-આણંદ, પારુલ યુનિવર્સિટી- બરોડા, કઙઅ-પંજાબ, NIFTEM-થંજાવુર, નિધિ સીડ-રાજકોટ જેવી દેશની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી એક્સપર્ટ સ્પીકરએ ફુડ પ્રોસેસિંગ, પેકેજીંગ, સીડ ટેકનોલોજી જેવા વિવિધ વિષય ઉપર તેમના વ્યાખ્યાન આપ્યા હતા. આ FDP દરમિયાન, ફેકલ્ટીસ અને સ્કોલર્સએ વ્યાખ્યાનની સાથે સાથે આર્ટીકલ ડિસ્કશન તથા વિવિધ હેન્ડ્સ ઓન ટ્રેનિંગનો અનુભવ મેળવ્યો હતો. બાલાજી વેફર્સ-રાજકોટ ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝીટનું પણ આયોજન થયું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે કો-કોઓર્ડીનેટર ડો. પ્રશાંત ઝાલા તેમજ ડો. વત્સલ, ડો. સરયુ, ડો. હર્ષ, ડો. મનીષા, ડો, પર્સીસ અને ડો. અર્ચનાએ ભારે જહેમત ઉઠાવી હતી.

તું મને શેના હુકમ કરે છે ? હું તારો નોકર નથી તેવું કહી બબાલ

# કોન્ટ્રકટરની ઓફિસમાં સિનિયર એકાઉન્ટન્ટ પર મેનેજરનો હુમલો

## ટેબલમાં માથું ભટકાડી મારી નાખવાની આપી ધમકી

રાજકોટ મિરર, તા.૪

બીલ બનાવવા બાબતે માથાકૂટ કરી મેનેજરે સૌરાષ્ટ્ર કળા કેન્દ્રના ઇન્ફાસ્ટ્રકચરના સિનિયર એકાઉન્ટન્ટ ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં ઇન્ફાસ્ટ્રકચરની ઓફિસમાં કામ કરતા સિનિયર એકાઉન્ટન્ટને મેનેજરે ટેબલમાં માથુ ભટકાવી માર મારી ખુનની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાઈ છે. અન્ય સ્ટાફને કામમાં મદદ કરવાનું કહેતા મેનેજરે ઉશ્કેરાઇ જઇ 'તું મને શેના હુકમ કરે છે, હું તારો નોકર નથી' કહી માર માર્યો હતો.

જાણવા મળતી વિગત મુજબ સાધુ વાસવાણી રોડ પર ડોકટર સોસાયટીમાં રહેતા અને સૌરાષ્ટ્ર કલા કેન્દ્રમાં આફ્રીકા કોલોની ઓમ ઇન્ફ્રા. નામની ઇન્ફાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ નામની ઓફીસમાં સિનિયર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા વિશાલ કિશોરભાઇ ધામેલીયા (ઉ.૩૯) નામના યુવાને ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે તેની ઓફીસના મેનેજર દિલીપ ગુણવંત બામટાનું નામ આપ્યું છે.

ફરીયાદમાં જણાવ્યા મુજબ ગઇકાલે સાંજે તેઓ ઘરે જવાની તૈયારી કરતા હતા ત્યારે મેનેજર દિલીપભાઈએ આવી 'તારૂ બિલ પેમેન્ટનું જેટલું કામ બાકી હોય તે આજે પુરૂ કરી પછી ઘરે જવાનું છે' તેમ કહેતા ફરીયાદીએ ઓફીસના બીજા સ્ટાફને કહેજો કે મદદ કરે' તેવું કહેતા મેનેજરે ઉશ્કેરાઇ જઇ 'તુ' મને શેના હુકમ કરે છે, હું તારો નોકર નથી, તેમ કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારવા લાગેલ અને માથુ પકડી ટેબલ સાથે ભટકાવ્યું હતું. દરમિયાન ઓફીસના અન્ય કર્મચારીઓ વચ્ચે પડતા તેને છોડાવ્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રામકથામાં ડેપ્યુટી મેયર ટીકુભા જાડેજાની ટીમ દ્વારા રસોડાની સરાહનીય સેવા





રાજકોટ મિરર, તા.૪

મોરારિબાપુની ૯૪૭ મી રામકથા માનસ સદભાવના હમણાં જ પૂરી થઇ. રામકથાના ૯ દિવસ દરમિયાન શહેરના ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા (ટીકુભા) ના માર્ગદર્શન હેઠળ માનસ સદભાવના કથાના રસોડામાં દિનેશભાઇ ઢોલરીયા, વશરામભાઇ વેકરીયા, મુકેશભાઈ ઝાલાવાડીયા, ધીરુભાઈ ઝાલાવાડીયા, ચનાભાઈ મોલીયા, બલભદ્રસિંહ જાડેજા, પ્રિયજીતસિહ જાડેજા, પરેશભાઈ પિપળીયા તથા નિલેશભાઈ સહીત ૧૫૦થી વધુ કાર્યકરો ખડેપગે સેવા આપી હતી.

વ્હેલી સવારથી ઈશ્વરીયા મહાદેવ પરિવારના યુવાનોથી માંડી વડીલો સવારે ૯ થી બપોરે ૪ સુધી અવિરત સેવા આપી હતી. આ કાર્યમાં કેટલાક બિલ્ડરો અને નાના-મોટા વેપારીઓ પણ શામેલ હતા.

સૌ પોતાનો વ્યવસાય બંધ રાખીને પણ આ સેવા કરી રહયા હતા. માધાપર, મનહરપુર અને ઘંટેશ્વર વિસ્તારના વેપારીઓ, નોકરિયાત અને અભ્યાસ કરતાં યુવાનો સહિતના કાર્યકરો સેવાની ભાવનાથી જોડાઈને ૫૦ હજારથી વધુ લોકો ભોજનપ્રસાદ શાંતિ અને આરામથી લઈ શકે તે માટે સતત કાર્યરત રહ્યા હતા.

# પોલીસ પ્રજા-સમાજલક્ષી કાર્યો કરે : રેંજ આઈજી યાદવ

## સુરક્ષા સેતુ સોસાયટીની રાજકોટ ગ્રામ્ય કક્ષાની સમીક્ષા બેઠક યોજાઈ : ટ્રાફિક અવેરનેસ સાયબર ક્રાઈમ જન જાગૃતિના કાર્યક્રમોની સમીક્ષા કરાઈ







રાજકોટ મિરર, તા.૪

ગુજરાત રાજ્યમાં તમામ નાગરિકો કોઈ પણ જાતના ભેદભાવ વગર શાંતિથી રહી શકે અને તમામને સમાન તકો મળે તેમજ પોલીસ અને પ્રજા વચ્ચે માહિતી અને વિચારો તેમજ કાર્યવાહીનું સંકલન કરી પોલીસની કામગીરી પરીણામલક્ષી બને તે હેતુથી કાર્યરત સુરક્ષા સેતુ સોસાયટીની રચના કરવામાં આવી છે.

આજરોજ રેન્જ આઈજી અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં સુરક્ષા સેતુ સોસાયટીના કમિટીના સભ્યો તેમજ જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવહાણેની ઉપસ્થિતિમાં રાજકોટ ગ્રામ્ય કક્ષાની સમીક્ષા બેઠકમાં વર્ષ દરમ્યાન કરવામાં આવેલી વિવિધ કામગીરીની માહિતી રજુ કરવામાં આવી હતી.

નાયબ રેન્જ આઈ.જી. જયપાલસિંહ રાઠોરે કામગીરીનો રિપોર્ટ રજૂ કરતા જણાવ્યું હતું કે, સ્ટુડન્ટ પોલીસ કેડેટ અંતર્ગત જિલ્લામાં ૧૯ એકમમાં જુદી જુદી શાળાઓમાં વર્ષ ૨૦૨૩-૨૪ માં માં ૧૫૭૬ કેડેટ્સને વિવિધ તાલીમ પુરી પાડવામાં આવી હતી. જેમાં સમર કેમ્પમાં શિસ્ત સહિતના વિવિધ ગુણો કેળવાય તે માટે પરેડ, યોગ અને વ્યાયામ થકી માનસિક અને શારીરિક રીતે કેડેટસને મજબૂત કરવાની પ્રવૃત્તિ, વિશિષ્ટ પ્રતિભાઓને બોલાવી તેઓમાં સંસ્કારનું સિંચન થાય તે માટેના કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમ, રમત ગમતો થતી માનસિક શારીરિક કૌશલ્ય નિખરે તે માટે પણ બહુવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

મહિલાઓ માટે સ્વરક્ષણની તાલીમ અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ૬૮૧૫ મહિલાઓને બેઝિક તાલીમ, ૧૧૯૭ મહિલાઓને એડવાન્સ તાલીમ તેમજ ૪૬૦ મહિલાઓને તિરંદાજીની તાલીમ આપવામાં આવી હતી. બાળકો પોલીસ સ્ટેશનની કામગીરીથી પરિચિત થાય અને નિર્ભીકપણે પોલીસ સાથે સંવાદ સાધી શકે તે માટે પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવે છે, જેમાં વર્ષ ૨૦૨૩-૨૪ જુદી જુદી શાળાઓના ૧૬૦૦ જેટલા બાળકોએ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધેલી છે.

ટ્રાફિક જાગૃતિ કાર્યક્રમો અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ટ્રાફિક જાગૃતિ નિયમોના પેમ્પલેટ, ટ્રાફિક નિયમોનું પાલન સહિતના જનજાગૃતિના કાર્યક્રમ,સાયબર ક્રાઇમ અવેરનેસ પ્રોગ્રામ અંતર્ગત શાળા કોલેજ ખાતે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો માટે અવેરનેસના પ્રોગ્રામના આયોજન કરવામાં આવ્યાં છે. ફરિયાદ માટે ૧૯૦૩ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબરનો પ્રચાર પ્રસાર કરવા માટે બોર્ડ, બેનર, સ્ટીકરના માધ્યમથી પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા હાલમાં બહાર પડેલા ત્રણ નવા કાયદાઓનું ભારતીય ન્યાય સહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ અંગે ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને સમજણ આપવામાં આવી હતી.

આ ઉપરાંત જિલ્લામાં સિનિયર સિટીઝનોને પડતી મુશ્કેલીઓ માટે તેઓનું કામ પોલીસ સ્ટેશન ખાતે કરી તેઓની નોંધણી કરવાની કામગીરી કરવામાં આવી હતી. સાથે સુરક્ષા સેતુ દ્વારા કરવામાં આવેલ ખર્ચની વિગતો જયપાલસિંહ રાઠોરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી રજુ કરી હતી. આ બેઠકમાં સભ્યો સર્વે પૂર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયા, ભાનુભાઇ મેતા, મીનાક્ષીબેન સોજીત્રા,પંકજભાઈ ચાવ, ધીરુભાઈ કોરાટ, રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આર.ટી. ઓ., પ્રાદેશિક માહિતી કચેરી સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### પરિવારનો એકનો એક આધારસ્તંભ દિકરો હતોઃ પાંચ મહિના પહેલા જ લગ્ન થયા હતાં

# જીવલેણ ઝોકુઃ કાર ઝાડમાં અથડાતાં આરકે યુનિવર્સિટીના કર્મચારીનું મોત

## સુલતાનપુર રહેતો પચ્ચીસ વર્ષિય હર્ષિતભાઇ વઘાસીયા ત્રંબા નોકરીએ આવી રહ્યો હતો ત્યારે ઉજાગરાને કારણે ઝોકુ આવી જતાં જીવલેણ અકસ્માત સર્જાયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

અણધાર્યા આઘાત આવી પડતાં જે તે પરિવારો શોકના દરિયામાં ગરક થઇ જાય છે. અકસ્માત, આપઘાત કે પછી અન્ય રીતે કોઇ પરિવારના સ્વજનનું મૃત્યુ થાય ત્યારે જે તે પરિવારની હાલત કફોડી થઇ જાય છે. વાહન અકસ્માતની રોજબરોજ બનતી ઘટનાઓ વચ્ચે વધુ એક જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં રાજકોટના ત્રંબા પાસેની આરકે યુનિવર્સિટીના કર્મચારી યુવાનનું મૃત્યુ થયું છે. આ યુવાનને ડ્રાઇવીંગ વખતે ઝોકુ આવી જતાં તેની કાર રોડ નીચે ઉતરી ઝાડમાં અથડાઇ પડતાં આ કરૂણ દુર્ઘટના બની હતી.

ઘટનાની જાણવા મળેલી માહિતી અનુસાર ગોંડલના સુલતાનપુર નજીકના ખેરાળા ગામ પાસે ચાલક યુવાનને ઝોકુ આવી જતાં કાબૂ ગુમાવતાં કાર રોડ નીચે ઉતરી ઝાડમાં ધડાકાભેર અથડાતાં ગંભીર ઇજા થતાં મોત થયું હતું. સુલતાનપુર રહેતો પચ્ચીસ વર્ષનો યુવાન હર્ષિતભાઇ કિશોરભાઇ વઘાસીયા સવારે પોતાની વેગનઆર કાર ચલાવીને રાજકોટના ત્રંબા નજીક આરકે યુનિવર્સિટીમાં નોકરીએ જઇ રહ્યો હતો ત્યારે પાંચીયાવદર પાસે કાર ઝાડમાં અથડાતાં હર્ષિતભાઇને ગંભીર ઇજા થતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહિ સારવાર કારગત નિવડી નહોતી અને તેનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી પરિવારજનો ઉંડા



આઘાતમાં ગરકાવ થઇ ગયા હતાં.

આ બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ અને ભાવેશભાઇ મકવાણાએ ગોંડલ તાલુકા પોલીસને કરતાં તાલુકા પોલીસની ટીમે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યુ.હતું. વધુ માહિતી અનુસાર મૃત્યુ પામનાર હર્ષિતભાઇ આરકે યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર વિભાગમાં નોકરી કરતો હતો. બુધવારે સવારે પોતાની કાર હંકારી નોકરીએ જવા નીકળેલ ત્યારે ઝોકુ આવી જતાં કાબુ ગુમાવતાં કાર રોડ નીચે ઉતરી જતાં ઝાડમાં અથડાઇ હતી. હર્ષિતભાઇ માતા-પિતાના એકના એક પુત્ર હતાં. તેણે પાંચ મહિના પહેલા જ લવમેરેજ કર્યા હતાં.

પરિવારજનોએ કહ્યું હતું કે હર્ષિતભાઇ દરરોજ કાર હંકારીને નોકરીએ જતો હતો. ત્રણેક દિવસથી તે લગ્ન પ્રસંગમાં રોકાયેલ હોવાથી ઉજાગરો હતો અને બુધવારે સવારે કાર લઇને નીકળ્યા ત્યારે ઝોકુ આવી ગયું હતું. આ ઝોકુ તેના માટે જીવલેણ નીવડી ગયું હતું. ઝોકુ આવી જતાં કાર ઝાડમાં ધડાકાભેર અથડાતાં ગંભીર ઇજા થઇ હતી. જે જીવલેણ નીવડી હતી. એકના એક આધારસ્તંભ દિકરાના મૃત્યુથી વઘાસીયા પરિવારજનો ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા હતાં. બીજી તરફ પાંચ મહિના પહેલા જ લગ્ન કરનાર યુવતિ પતિ હર્ષિતભાઇના મૃત્યુથી ચુડી ચાંદલો નંદવાઇ જતાં તેણી પણ આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી.

# ભાડેથી કોઇ ફેરવવા નહોતું દેતું એટલે ભાયડાએ રિક્ષા ચોરીને ભાડા કર્યા!

## ફૂટપાથ પર જ રહીને જીવન જીવતા કશ્યપને થોરાળા પોલીસની ટીમે પકડીને એક લાખની ચોરાઉ રિક્ષા કબ્જે કરી

રાજકોટઃ અમુક ગુનેગારો એવા હોય છે જે ગમે તેમ કરીને ગામનું કરી નાખતા હોય છે. આવા શખ્સોને મોંઘવારી પણ નડતી હોતી નથી . શહેરના ભાવનગર રોડ ચુનારાવાડ પાસેથી જુનાગઢના ચંદુભાઇ રામજીભાઇ શેખાની રૂા. ૧ લાખની કિમતની જીજે૦૩બીયુ-૩૫૦૪ નંબરની રિક્ષા ચોરાઇ ગઇ હતી. તેઓ રિક્ષા રિપેર કરાવવા આવ્યા બાદ આરામ કરવા રોકાયા હતાં ત્યારે કોઇ રિક્ષા હંકારી ગયું હતું. આ ગુનાનો ભેદ થોરાળા પોલીસના ડી. સ્ટાફના હેડકોન્સ. ભરતસિંહ પરમાર અને કોન્સ. જયરાજસિંહ કોટીલાની બાતમી પરથી ઉકેલાયો છે. પોલીસે ગંજીવાડા પીટીસીની દિવાલ નજીકથી કશ્યપ રમણીકભાઇ ઝંઝવાડીયા (હે.



હોસ્પિટલ ચોક પૂલ નીચે ફૂટપાથ પર)ને આ ચોરાઉ રિક્ષા સાથે પકડી લીધો છે. આ શખ્સ પચ્ચીસ વર્ષનો છે અને શહેરમાં ગમે ત્યાં રખડતો ભટકતો રહે છે. હાલમાં કેટલાક સમયથી તેનું મુકામ સિવિલ હોસ્પિટલ ટ્રાયેન્ગલ બ્રીજની નીચે છે.

આ અંગેની તપાસમાં ખુલ્યા મુજબ કશ્યપ હાલ રાજકોટમાં ફૂટપાથ પર રહી રખડતું જીવન જીવતો હોઇ તેને ભાડેથી ફેરવવા માટે કોઇ રિક્ષા આપતું ન હોઇ જેથી તેણે ચુનારાવાડ નજીક રિક્ષાચાલક આરામ કરતાં હતાં ત્યારે નજીકમાંથી તેની રિક્ષા ઉઠાવી લીધી હતી. આ રિક્ષાથી તેણે અમુક ભાડા કરી રોકડી પણ કરી લીધી હતી. એ દરમિયાન પીઆઇ એન. જી. વાઘેલા, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી, એએસઆઇ રાજેશભાઇ મેર, હેડકોન્સ. કિશોરભાઇ પરમાર, ભરતસિંહ પરમાર, જયદિપસિંહ જાડેજા, હસમુખભાઇ નીનામા, કોન્સ. નિલેષભાઇ ચોહાણ અને જયરાજસિંહ કોટીલાએ આ કામગીરી કરી હતી.

# હત્યાની કોશિષ, લૂંટના ચાર ગુનામાં સામેલ ટોળકીની ‘આકરી પુછતાછ’: ઘટના સ્થળોએ કાર્યવાહી જોવા ટોળા ઉમટ્યા





રાજકોટઃ શહેરમાં પેધી ગયેલા ગુનેગારો પોલીસનો જરા પણ ડર ન હોય તેમ ખુલ્લેઆમ લુખ્ખાગીરી ગુનાગીરી આચરતા રહે છે. હત્યા, હત્યાની કોશિષના બનાવો સામાન્ય થઇ ગયા છે. પરમ દિવસે હત્યાના ગુનાના આરોપીનું ભક્તિનગર પોલીસે સરઘસ કાઢતાં તેણે હાથ જોડી માફી માંગી હતી. હવે બી ડિવીઝન પોલીસે આવી જ કાર્યવાહી કરી હતી. ભગવતીપરા રેલ્વે ફાટક પાસે એક યુવાન પાસે ફાકી માંગી તેને પેટમાં છરી ભોંકી હત્યાની કોશિષ કરવાના ગુનામાં તેમજ માલધારી સોસાયટી પાસે બે યુવાનને છરી બતાવી, ઝીંકી રોકડ-મોબાઇલ લૂંટી લેવાના અને પકડવા દોડેલા લોકો પૈકીના એક યુવાનને છરી મારી હુમલો કરવાના ગુનામાં ચાર આરોપીઓ સની ઉર્ફ ચડીયો કલુભાઇ ઉધરેજીયા (ઉ.વ.૧૮-રહે. ભગવતીપરા), સાગર શામજીભાઇ ઉધરેજીયા (ઉ.વ.૧૮), શિવરાજ વિનુભાઇ ઉધરેજીયા (ઉ.વ.૨૧-રહે. લાલપરી તળાવ પાસે) તથા એક સગીરને પકડી લીધા હતાં. સગીર સિવાયના ત્રણ આરોપીઓના રિમાન્ડ મળતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણે, પીએસઆઇ જે. આર. સોલંકી, હેડકોન્સ. ક્રિપાલસિંહ જાડેજા, અનિલસિંહ ગોહિલ, લાલજીભાઇ હાડગડા, કોન્સ. પંકજ માળી, રાજદિપ પટગીર, વિશ્વજીતસિંહ ઝાલાઅને હાર્દિક ગાજીપરાની ટીમે ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી આર. એસ. બારીયાની રાહબરીમાં આરોપીઓને ઘટના સ્થળોએ લઇ જઇ આકરી પુછતાછ કરતાં લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં અને રિ-કન્સ્ટ્રક્શન પણ કરાવાયુ હતું. પોલીસની આ કાર્યવાહી નિહાળવા માટે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં.

# આજે હિન્દુ અસ્મિતા મંચ દ્વારા મૌન રેલી

### રેસકોર્ષથી કલેકટર કચેરીએ પહોચી અપાશે આવેદન

રાજકોટ મિરર, તા.૪

બાંગ્લાદેશ હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારના વિરોધમાં તથા હિન્દુઓના રક્ષણની માગ સાથે રાજકોટમાં હિન્દુ અસ્મિતા મંચ દ્વારા ૫-૧૨-૨૦૨૪ ને ગુરુવારે બપોરે ૪ વાગે મૌન રેલી, મા અધિવક્તા પરિષદ રાજકોટ મહાનગરના તમામ એડવોકેટ જોડાશે, એડવોકેટ પ્રશાંત જોશી. હિન્દુ અસ્મિતા મંચ રાજકોટના નેજા હેઠળ હિન્દુ સમાજના ભાઈઓ બહેનો ૫-૧૨-૨૦૨૪ ગુરુવારે સાંજે ૪:૦૦ વાગ્યાથી રેસકોર્સ બહુમાળી ભવન પાસે, સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા ખાતે એકઠા થશે.

ત્યાંથી મૌન રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી સુધી જશે. જ્યાં કલેક્ટરને આવેદનપત્ર આપીને બાંગ્લાદેશમાં હિન્દુઓના રક્ષણ માટે સરકાર દ્વારા યોગ્ય પગલા ભરવાની માંગ કરવામાં આવશે. આ રેલીમાં અધિવકતા પરિષદ રાજકોટ મહા નગરના તમામ એડવોકેટોજોડાશે, એડવોકેટ પ્રશાંત જોશી પ્રમુખ ,હસમુખ ગોહેલ મંત્રી, સુરેશભાઈ સાવલીયા, રાજકોટ વિભાગ કન્વીનર તથા જે.આર.ફુલારા, જાગૃતિબેન દવે,પ્રદેશ કારોબારી સભ્ય, સરોજબેન રૂપાપરા ઉપપ્રમુખ, રશ્મિબેન પટેલ,સરજુદાસ દુધરેજીયા,ગિરીશભાઈ ભટ્ટ, જયુભાઈ શુકલ, ટી.બી.ગોંડલીયા, જયેશભાઈ જાની, કપિલ શુક્લ, રવિ ટાંક, જે.પી.મારૂ, વિશાલ ગોસાઈ, સંદીપ વેકરીયા, જયેન્દ્ર ગોંડલિયા,ચેતન વિઠલપરા , પી.સી.વ્યાસ, તરુણ માથુર, કિરીટભાઇ પાઠક,વિગેરે પરિષદના સભ્યો હાજર રહેશે.

## હાર્મીશ ગજેરાની હત્યા મામલે પોલીસ કમિશ્નરને આવેદન

રાજકોટ મિરર, તા.૪

આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા આજે સ્વ. હાર્મીશ ગજેરાની હત્યા મામલે રાજકોટ શહેરના પોલીસ કમિશનરને આવેદન આપી આરોપીને આકરી સજા કરવાની માંગ કરી હતી.

આંતરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા અપાયેલા આવેદનમાં રાજકોટ શહેરમાં કથળી રહેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતે પણ કમિશ્નરનું ખાસ ધ્યાન દોરવામાં આવ્યું હતુ અને ગુનાહિત માનસિકતા ધરાવતા લોકો સામે ગુનાખોરી રોકવાના વિવિધ કાયદાઓ તળે કામગીરી ચલાવવા રજૂઆત કરવામાં આવી હતી.

શહેરમાં પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવે તથા છરી ચપ્પુ જેવા ધારદાર હથિયારો લઈને ફરતા અસામાજિક તત્વોને ખાસ ઝુંબેશ ચલાવી ઝડપી પાડવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી હતી.

આ બનાવમાં સખત સજા થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા આરોપી સામે મજબૂત ચાર્જ સીટ મૂકવામાં આવે તથા ફાસ્ટટ્રેક કોર્ટમાં આ કેસ ચલાવવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.


સીપી કચેરી ખાતે પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા આ બાબતે યોગ્ય અને ન્યાયિક કામગીરીની ખાતરી આપવામાં આવી હતી અને તેઓએ જણાવ્યું હતુ કે આગામી સમયમાં રાજકોટ શહેરમાં પોલીસ પેટ્રોલીંગ વધુ સઘન બનાવવામાં આવશે.


### જેતપુરમાં ટ્રાફિક પોલીસ રોકડી કરતી હોવાની ફરિયાદને જબરું સમર્થન

# જેતપુરમાં ટ્રાફિક બ્રિગેડ જવાન સહીત બે લાંચ લેતા ઝડપાયા

## પ્રતિક દેવમુરારી(ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ)ની શોધખોળ : જેતપુર સીટી અને તાલુકા પોલીસ માટે માંગી’તી લાંચ : વિક્રમ ચાવડા(ટ્રાફિક બ્રિગેડ) અને જતીન રાજપરા એમ બન્નેને રૂ. ૩૫૦૦ની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવાયા : રાજકોટ ACBના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ. ગોહિલ સહિતની ટીમને સફળતા







જેતપુરમાં આજે રૂ. ૩૫૦૦ની લાંચ લેતા પકડાયેલા વિક્રમ ચાવડા અને જતીન રાજપરા દેખાય છે. જ્યારે અન્ય તસ્વીરમાં પોલીસના હાથમાં નહિ આવેલા મુખ્ય આરોપી પ્રતિક દેવમુરારી તેમજ એસીબી રાજકોટના ઇન્ચાર્જ નિયામક કે.એચ. ગોહીલ દેખાય છે.

રાજકોટ મિરર, તા.૪

જેતપુર શહેરમાં ટ્રાફિક પોલીસ શહેરમાં તેમજ આજુબાજુના રોડ પર ઉભા રહીને રોકડી કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. પણ કોઈ ધ્યાન આપતું નહોતું. બીજીબાજુ એક બોલેરો ચાલકે હિમત દાખવી પોતાની પાસે દર મહીને શહેર અને તાલુકા પોલીસ માટે ટ્રાફિક પોલીસ હપ્તો માંગતી હોવાની રાજકોટ એસીબી સમક્ષ ફરિયાદ કરાયા બાદ આજે રાજકોટ એસીબીના ઇન્ચાર્જ મદદનીશ કે.એચ. ગોહિલના સુપરવિઝન હેઠળ ગોઠવાયેલા લાંચના છટકામાં જેતપુર ટ્રાફિક પોલીસના હેડકોન્સ્ટેબલ વતી ટ્રાફિક બ્રિગેડનો જવાન અને કહેવાતો વેપારી એમ બંને ફરિયાદી યુવાન પાસેથી રૂ.૩૫૦૦ની લાંચ લેતા રંગે હાથે ઝડપી લેવાતા પોલીસબેડામાં ચકચાર જાગી છે.

મળતી વિગતો મુજબ શહેરના સાડી ઉદ્યોગ માટે વપરાતા બળતણ(લાકડા)ના અનેક વાહનોની જેતપુરમાં રોજીંદી આવન-જાવન થઇ રહી છે. શહેરમાં ઠલવાતું લાકડું કાયદેસર છે કે ગેરકાયદેસર ? તે ફોરેસ્ટ તંત્રનો તપાસનો વિષય છે પણ આવું બળતણ ભરીને આવતા વાહનોને રોકીને પ્રતિ મહીને રૂ.૧૦૦૦ કે તેથી વધુ પડાવવાનો ટ્રાફિક પોલીસનો ચાલતો ખેલ આજે રાજકોટ એસીબીના ઇન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલ સહિતની ટીમે ઉઘાડો પાડી દીધો હોય તેમ બે શખ્શને વાહન ચાલક પાસેથી રૂ. ૩૫૦૦ની લાંચ સાથે ઝડપી લીધા હતા.

ફરિયાદીએ એસીબી પોલીસને જણાવ્યું હતું કે, પોતાના બોલેરો પીકઅપ વાહનમાં બળતણના લાકડા ભરી કારખાનાઓમાં સપ્લાય કરવાનું કામ કરતા હોય, દર મહીને તેનું વાહન રોકી હેરાનગતિ નહીં કરવાના તેમજ ગાડી ડીટેઇન નહીં કરવાના અવેજ પેટે આ કામના આરોપી પ્રતિક દેવમુરારી(ટ્રાફિક પોલીસ જમાદાર) તેમજ આરોપી વિક્રમ ચાવડા (ટ્રાફિક બ્રિગેડ)એ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના ઓક્ટોબર મહિનાના રૂા.૧,૦૦૦, નવેમ્બર મહિનાના રૂા.૧,૦૦૦/- તથા ચાલુ(ડીસેમ્બર) મહીનાના રૂા.૧,૦૦૦ અને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના રૂા.૫૦૦/- મળી કુલ રૂા.૩,૫૦૦/- ની ગેર કાયદેસરની લાંચની રકમ આ કામના આરોપી વિક્રમ ચાવડાને આજે સાંજ સુધીમાં આપી જવા કહ્યું હતું.

પરંતુ આ લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય ફરીયાદીએ એ.સી.બી.નો સંપર્ક કરતા ફરીયાદના આધારે કે.એચ. ગોહિલ (ઈ.ચા. મદદનીશ નિયામક,એ. સી.બી. રાજકોટ)ના માર્ગદર્શન હેઠળ પીઆઈ પી.એ.દેકાવાડીયા દ્વારા લાંચનું છટકું ગોઠવાયું હતું. દરમિયાન આ કામના આરોપી વિક્રમ ચાવડાએ ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની રકમ રૂા.૩,૫૦૦/- આરોપી જતીન ચતુર રાજપરા(રાજશક્તિ પાન, જેતપુર ધોરાજી હાઈવે) કે જેઓ પોલીસ વતી નિયમિત રીતે આવી ગેરકાયદેસર લાંચના રકમ સ્વીકારવાનું કામ કરતા હોય તેમને આપી દેવાનું જણાવ્યું હતું. ત્યારે જતીને લાંચની રકમ સ્વીકારી ત્યારે જ તેમને અને વિક્રમ ચાવડાને રંગે હાથે ઝડપી લેવાયા હતા. જ્યારે જેના ઈશારે ઉપરોક્ત બંને લાંચ સ્વીકારતા ઝડપાયા તેવા મુખ્ય આરોપી ટ્રાફિક પોલીસનો જમાદાર પ્રતિક દેવમુરારી બનાવ સ્થળે હાજર નહિ મળતા તેમની શોધખોળ આદરાઈ છે.

# પરિશ્રમ સોસાયટીના ૧૧ આવાસોને રદ્દ કરતું રૂડા

## દસ્તાવેજ તથા ભાડા કરાર કરાવ્યા ન હોવાની આવી વિગતો બહાર : ગેરરીતિ કરનારાઓની નહીં રહે ખેર, આ પ્રકારના આવાસોની કરાઈ છે યાદી તૈયાર

રાજકોટ, તા. ૪

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા જરૂરિયાતમંદ લોકોને પોતાના ઘરનું ઘર મળી રહે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના લાગુ કરવામાં આવી સરકારનો હેતુ ખરા અર્થમાં લાભાર્થીઓ માટે સારો હતો કે આ આવાસ યોજનાનો લાભ લાભાર્થીઓ લઈ શક્યો અને તેઓ તેમના ઘરનું ઘર ઊભું કરી શકે અને ઘણા ખરા લોકોએ આ યોજનાનો લાભ પણ લીધો. પરંતુ ઘણા ખરા કિસ્સાઓ જે સામે આવ્યા છે તેમાં એ વાત સ્પષ્ટ થઈ છે કે જે લાભાર્થીને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ લાગે છે કાં તો તેઓ તેનો દસ્તાવેજ કરતા નથી અથવા તો દસ્તાવેજ થઈ જાય તો તે ફ્લેટને તેઓ ભાડે ચડાવી દે છે જે ખરા અર્થમાં ગેર વ્યાજબી છે અને ગેરકાયદે છે. આ વિકટ પરિસ્થિતિ નો સામનો માત્ર રાજકોટ જ નહીં પરંતુ સમગ્ર ગુજરાત કરી રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકા હોય કે પછી રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ હોય આ બંને વિભાગો હેઠળ જે આવાસો બનવામાં આવી રહ્યા છે તેમાં આ પ્રકારની એક નહીં વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ઘણા ખરા કિસ્સાઓમાં તો સરકારી વિભાગે આવાસો રદ પણ કરી દીધા છે.

રાજકોટ મિરર દ્વારા ઈસ્કોન મંદિર પાછળ આવેલા પરિશ્રમ સોસાયટીના અનેકવિધ ફ્લેટ કે જેઓ ભાડે આપવામાં આવ્યા હતા તેની રજૂઆત રૂડા સમક્ષ કરી હતી અને સાચું ચિત્ર દેખાડ્યું હતું જે અંતર્ગત તાકીદે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ખૂબ ગંભીરતાથી આ વિષયને ધ્યાને લેવામાં આવ્યો અને સર્વપ્રથમ નોટીશો ફટકારવામાં આવી. ક્યારેક ગઈકાલે જે વાત સામે આવી તે મુજબ રૂડાએ છ આવાસોને રદ કરી દીધા છે. રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ઈકોનોમિક વિકાસ સેક્શન એક પ્રકારના ફ્લેટો પરિશ્રમ હાઉસિંગ કો ઓપરેટિવ સર્વિસ સોસાયટી માં ઊભા કરવામાં આવ્યા હતા. મહત્વનું એ છે કે આ એ આવાસ છે કે જેના લાભાર્થીઓએ જરૂરી દસ્તાવેજ અથવા તો ભાડા કરાર કરાવ્યો નથી.

આ બાબતે લાભાર્થીઓને રૂડા કચેરી દ્વારા વારંવાર નોટિસો પાઠવવામાં આવી હતી પરંતુ ગઈકાલ સુધી આવાજ ધારકો દ્વારા દસ્તાવેજ અથવા તો ભાડા કરાર કરવામાં આવ્યો ન હતો એટલે કહી શકાય કે લાભાર્થીઓ દ્વારા એ વાતને સહેજ પણ ગંભીરતાથી લેવામાં આવી ન હતી જે બાદ રૂડાની બોર્ડ બેઠક મળી અને તેમાં આવાસો રદ કરવામાં આવ્યા. ફ્લેટ નંબર એ ૭૦૬, સી ૧૦૬, સી ૭૦૨, એફ ૬૦૪, જી ૨૦૩ અને ૬૦૭ તથા ૭૦૩ એવી જ રીતે આઈ ૪૦૩, જે ૪૦૬, એમ ૭૦૨, અને એન ૭૦૮ નો સમાવેશ થયો છે. બધી માહિતી મુજબ જે કોઈ લોકો કે લાભાર્થીઓને આ નિર્ણય અંગે વાંધા વચતા હોય તો તેઓ રૂડા કચેરીનો સંપર્ક સાધી શકે છે. હવે પરિશ્રમ સોસાયટી તો ઠીક આ પ્રકારની અન્ય સોસાયટીઓ પણ છે કે જ્યાં લાભાર્થીઓને આપવામાં આવેલા આવાસો નો ઉપયોગ અન્ય કોઈ વ્યક્તિ કરતું હોય એટલે કહી શકાય કે લાગેલા આવા શો ભાડે આપવામાં આવ્યા હોય. રાજકોટ મિરરના પ્રયાસો થી જે ગેરરીતી આચરવામાં આવી હતી તેના પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યો છે અને કહી શકાય કે ૧૧ આવાસોને રદ કરી દેવાયા છે.




### રૂડા હસ્તકની વિવિધ આવાસ યોજનામાં અનેકવિધ ફ્લેટો અપાયા છે ભાડે

સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર રૂડા દ્વારા અનેક આવાસ યોજના બનાવવામાં આવી રહી છે અને આવેલી છે ત્યારે જે આવાસ યોજના ઊભી કરાઈ છે તેમાં ઘણાખરા ફ્લેટ માલિકો દ્વારા ભાડે આપી દેવામાં આવ્યા છે જે કાયદાનું ઉલંઘન છે આ અંગે શહેરી વિકાસ સત્તા મંડળને સ્થાનિકો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી અને માંગણી પણ કરાય છે કે આ પ્રકારના આવાસોને રદ કરી દેવામાં આવે કારણ કે ઘણા ખરા કિસ્સામાં જે ખરા અર્થમાં લાભાર્થી છે તેને તેનો લાભ મળતો નથી અને લોકો આવાસ યોજના મેળવી અન્યને ભાડે આપી દેતા હોય છે જે ખરા અર્થમાં અયોગ્ય છે. હવે મહત્વનું એ છે કે જો આજ સ્થિતિ યથાવત જોવા મળી તો જે ખરા અર્થમાં સાચો લાભાર્થી છે તેનો લાભ છીનવાય જશે. આ અંગે રાજકોટ સત્તા મંડળ દ્વારા કોઈ નક્કર પગલું લેવામાં આવે તે ખૂબ આવશ્યક અને અનિવાર્ય છે.

### આવનારા દિવસોમાં સીલીંગ ઝુંબેશ બનાવાશે વધુ તીવ્ર

રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળ ના અધિકારીઓના જણાવ્યા અનુસાર હાલ જે ફરિયાદો ઉઠવા પામી છે તેનું નિવારણ લાવવા માટે સીલીંગ ઝુંબેશ વધુ તીવ્ર બનાવવામાં આવશે જે માટે તમામ યાદી તૈયાર કરી લેવામાં આવી હોવાનું અધિકારીઓએ જણાવ્યું છે એટલું જ નહીં સર્વપ્રથમ તમામ લાભાર્થીઓને હાલ આ અંગે સૂચિત કરવામાં આવશે અને તેઓને કોઈ વાંધા સૂચનો હોય તો તે પણ સાંભળવામાં આવશે અને ત્યારબાદ જ નિર્ણય લેવાશે પરંતુ સત્તા મંડળનું માનવું છે કે રાજકોટ તો ઠીક રૂડા હેઠળ આવાસ યોજના ઊભી કરવામાં આવેલી છે તેમાં ઘણાખરા પ્લેટો ભાડે આપી દેવામાં આવ્યા હોય અને તેમાં વાણિજ્ય પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય તેવી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે જે માટેની હાલ તમામ વ્યવસ્થા તાકીદે ઊભી કરાશે.

# જિલ્લા કલેકટર દ્વારા રૈયામાં ૫૦ કરોડની સરકારી જગ્યા કરાઈ ખુલી

## આવનારા દિવસોમાં સરકારી જગ્યાઓ પર જે દબાણ હશે તેને કરાશે દૂર , તખતો તૈયાર

રાજકોટ, તા. ૪

છેલ્લા ઘણા સમયથી કલેકટર વિભાગ અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા જે રીતે ગેરકાયદે દબાણો ખડકાયેલા હોય તેને દૂર કરવા માટેના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે સરકારી જમીન પર થયેલા ધાર્મિક સહિતના દબાણો હટાવવા માટેની કાર્યવાહી કરવા જે આદેશ મળ્યો છે તેને લઈ રાજકોટ જિલ્લામાં હાલ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે જિલ્લામાં આશરે ૨૦૦૦થી વધુ દબાણો સરકારી જમીન પણ ખડકી દેવામાં આવ્યા હોવાની હાલ વાત સામે આવી રહી છે ત્યારે કલેકટર તંત્ર દ્વારા પશ્ચિમ મામલતદાર દ્વારા રૈયા રોડ નજીક બાપાસીતારામ ચોક પાસે ૫૦ કરોડની સરકારી જમીન ખુલી કરવામાં આવી હતી.



રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલા બાપા સીતારામ ચોક નજીક પશ્ચિમ મામલતદાર દ્વારા યુએલસી માં ફાજલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ પૈકીની ૫૦૦૦ ચોરસ મીટર જમીન ખુલી કરવામાં આવી હતી જેમની બજાર કિંમત ૫૦ કરોડથી પણ વધુ થતી હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે ત્યારે આ માટે પશ્ચિમ મામલતદાર દ્વારા અગાઉ બે થી ત્રણ વખત નોટિસ આપવા છતાં પણ દબાણ દૂર કરવામાં આવ્યા ન હતા જેને લઈને ગઈકાલે પશ્ચિમ મામલતદાર દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. બાપા સીતારામ ચોક નજીક વર્ષોથી ગેરેજો, પાનની દુકાન તથા ૧૦ જેટલી ઓરડિયો સહિતનું દબાણ કરી દેવામાં આવ્યું હતું જે અંગે પશ્ચિમ મામલતદાર જોશી નાયબ મામલતદાર ઝાલા તથા સર્કલ ઓફિસર પાદરીયા દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે આ જમીન ખોલી મૂકવામાં આવી.

મળતી માહિતી મુજબ પશ્ચિમ મામલતદાર એએમ જોષીએ જણાવ્યું હતું કે રૈયા ગામ વિસ્તારમાં ટીપી ફાઇનલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ જુદાજુદા વાણિજ્ય પ્રકારના ૧૬ જેટલા દબાણો કરવામાં આવ્યા હતા ત્યારે સરકારી જમીન પર દબાણ કરેલા દબાણો પર બુલડોઝર ફરી વળ્યું હતું સરકારથી કરોડોની જમીન ખુલી કરવામાં આવી હતી. આજે પ્રશ્નો થઈ રહ્યો છે તે છે કે પશ્ચિમ મામલતદાર દ્વારા ત્રણ જેટલી નોટિસો આપવામાં આવી હતી છતાં પણ દબાણ દૂર કરવામાં આવ્યું ન હતું જેને લઈને હાલ વિભાગ દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું અને ૫૦ કરોડથી વધુની જે જગ્યા છે તેને ખુલી કરવામાં આવી.

## દેવાંગ દેસાઈને અમદાવાદ ઔડાના સીઈઓ બનાવાયા

# રાજકોટના નવા મ્યુ.કમિશનર તુષાર સુમેરા

રાજકોટ, તા. ૪

ટીઆરપી અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકામાં કર્મચારીઓથી લઈ ટોચના અધિકારીઓ પણ પોતાની જવાબદારી નિભાવવામાં ડર રાખતા હતા અને આ વાતને ધ્યાને લઈ અનેકવિધ ટોચના અધિકારીઓએ રાજીનામાં પણ આપી દીધેલા ત્યારે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાના તત્કાલીન મ્યુ કમિશનર દેવાંગ દેસાઈની બદલી કરી દેવામાં આવી અને તેમના સ્થાન ઉપર ભરૂચના કલેક્ટર તુષાર સુમેરાને જવાબદારી સોંપવામાં આવી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ એક માસની રજા પર ઉતરેલા તત્કાલીન ન્યુ કમિશનર દેવાંગ દેસાઈ પરત ફરેજ નહીં તેવી અટકળો ચાલુ થઈ હતી જે સાચી સાબિત થઈ.



રાજ્ય સરકાર દ્વારા ઈંઅજ અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજકોટના મ્યુનિસિપલ કમિશનર ડીપી દેસાઈની બદલી બદલી કરી દેવામાં આવી છે. રાજકોટ મનપાના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે તુષાર સુમેરાને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ સિવાય ગૌણ સેવા પસંદગી મંડળને પણ નવા ચેરમેન મળ્યા છે. રાજ્ય સરકાર દ્વારા IAS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. રાજકોટના મ્યુનિસિપલ કમિશનર ડીપી દેસાઈની બદલી કરવામાં આવી છે. તેના સ્થાને રાજકોટના નવા કમિશનર તરીકે તુષાર સુમેરાને નિયુક્ત કરવામાં આવ્યા છે. ડીપી દેસાઈની રાજકોટથી બદલી કરી અમદાવાદ ઔડાના સીઈઓ બનાવવામાં આવ્યા છે. તુષાર સુમેરા હાલ ભરૂચના કલેક્ટર તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેમના સ્થાને ગૌરાંગ મકવાણાની નિયુક્ત કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા જ રાજકોટના મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈએ રાજ્ય સરકાર પાસે પોતાની બદલી માગી હતી. આ અંગે સુત્રોએ જણાવ્યુ હતું કે આઇએએસ અધિકારીની વિનંતી પર સરકાર વહેલી તકે નિર્ણય લઈ શકે છે. જો કે તેમનાં સ્થાને કોને પોસ્ટીંગ આપવુ તે અંગેની ચર્ચા થઈ રહી હતી. રાજકોટ મનપાના મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈ લાંબી રજા ઉપર ઉતરી ગયા હતા અને ઈન્ચાર્જ તરીકે કોઈની નિમણુંક ન થતાં ટાઉન પ્લાનીંગ વિભાગથી લઈને ટેન્ડર સહિતની પ્રક્રિયા ઠપ થઈ ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## પ્રહલાદ રોડ પર ધાનક હાઉસના જીકેડી જ્વેલ્સમાં બનાવઃ અઢી ગ્રામની ઘટ આવતાં સીસીટીવી કેમેરા ચેક કરતાં પોલ ખુલી

# કારીગરની કારિગીરીઃ જરાક જરાક કરી ૧૭ાા લાખનું સોનુ ચોર્યું!

## ચાલીસ કારીગરોમાં એક બંગાળી કારીગર સાગોરહુશેન બીજા કારીગરોને અપાયેલા સોનામાંથી નજર ચુકવી બઠ્ઠાવી લેતો હતોઃ એ-ડિવીઝન પોલીસની મુદ્દામાલ કબ્જે કરવા કવાયત

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૪**

શહેરની ઝવેરી બજારમાં અસંખ્ય બંગાળી કારીગરો સોનાના દાગીના બનાવવા સહિતનું કામ કરે છે. હજારોની સંખ્યામાં સોની બજારમાં આવા બંગાળી કારીગરો પોતાના શેઠના વિશ્વાસ જીતીને પ્રમાણીકતાથી કામ કરે છે. અમુક તો પોતે પણ શેઠ બની ચુક્યા છે. પરંતુ આ વચ્ચે અમુક બંગાળી કારીગરો પોતે જ્યાં કામ કરતા હોય ત્યાં જ બેઇમાની આચરી લેતાં હોય છે. અગાઉ આવી અનેક ઘટનાઓ બની ચુકી છે જેમાં બંગાળી કારીગરો લાખો કરોડોનું સોનુ ઉસેડી ગયા હતાં. વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં પ્રહલાદ રોડ પર આવેલા ધાનક હાઉસ જીકેડી જ્વેલ્સ નામના સોનાના દાગીના બનાવતાં કારખાનામાં દોઢેક વર્ષથી દાગીનાને પોલીશ કરવાનું કામ કરતાં બંગાળી કારીગરે પોતાને તથા બીજા કારીગરોને દાગીના બનાવવા માટે અપાતાં સોનામાંથી બે મહિના દરમિયાન થોડુ થોડુ કરીને બસ્સો ચાલીસ ગ્રામ સોનુ ચોરી લીધુ હતું. સાડા સત્તર લાખનું આ સોનુ તેણે ચોરીને ક્યાં છુપાવ્યું કે કોને આપ્યું? તેની તપાસ પોલીસે શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો લાખોના સોનાની ચોરીની આ ઘટનામાં શહેર એ-ડિવીઝન પોલીસે ડો. યાજ્ઞિક રોડ પર જાગનાથ મંદિર પાછળ જાગનાથ પ્લોટ-૧૨માં શીવપેલેસ એપાર્ટમેન્ટના ચોથા માળે રહેતાં અને પ્રહલાદ રોડ પર ગરબી ચોકમાં ધાનક હાઉસ જીકેડી જ્વેલ્સ પ્રાઉીલ. નામનું સોનાના દાગીના બનાવવાનું કારખાનુ ચલાવતાં બેતાલીસ વર્ષના નિરજભાઇ ગીરીશભાઇ ધાનકની ફરિયાદ પરથી મુળ વેસ્ટ બંગાળના વતની હાલ રામનાથપરા-૫માં રહેતાં સાગોરહુશેન મીનરલ એસકે નામના શખ્સ વિરૂધ્ધ બીએનએસની કલમ ૩૦૬ મુજબ તે નિરજભાઇના કારખાનેથી દાગીના બનાવવા રૂા. ૧૭,૫૦,૦૦૦નું ૨૪૦ ગ્રામ સોનુ લઇ ગયો



હોઇ તે દાગીના બનાવી પાછા ન આપી ચોરી કરી જવાનો ગુનો નોંધ્યો છે. નિરજભાઇ ધાનકે જણાવ્યું છે કે મારા કારખાનામાં ૪૦ જેટલા કારીગરો દાગીના બનાવવાનું કામ કરે છે.

આ ચાલીસ કારીગરો પૈકી છેલ્લા દોઢેક વર્ષથી વેસ્ટ બંગાલનો સાગોરહુશેન મીનરલ એસકે નામનો કારીગર પણ મારે ત્યાં કામ કરે છે. જે હાલ રામનાથપરામાં રહે છે તે દાગીનાને પોલીશ કરવાનું કામ કરતો હતો. અમે કારખાનામાંથી ગત ૪/૧૦/૨૪થી તા. ૨/૧૨/૨૪ સુધીના સમયમાં મેં કારખાનામાં કામ કરતાં પૈકીના નવેક જેટલા બંગાળી કારીગરોને અલગ અલગ સોનાના દાગીના બનાવવા માટે સોનુ આપ્યું હતું. જેમાં એસકે મહીદુલને ૩૫૪૦૮૬૮ ગ્રામ, શબ્બીરહુશેનને ૧૨૧૦.૪૪૦ ગ્રામ, એસકે. તૌફિકને ૧૭૦૧.૩૩૪૦ ગ્રામ, એસકે જામીરઅલીને ૧૬૬૬.૦૮૦ ગ્રામ, સાગોરહુશેનને ૨૬૪૦૦૫૦ ગ્રામ, શેખ હસુમુદ્દીનને ૧૪૫૭.૧૧૦ ગ્રા મ, યુસુફઅલીને ૧૮૩૭.૪૬૦ ગ્રામ, અરૂણને ૮૫૨.૭૯૦ ગ્રામ અને સંદિપને ૪૬૦.૪૩૦ ગ્રામ જેટલુ સોનુ અલગ અલગ ઘાટના દાગીના બનાવવા માટે આપ્યું હતું.બધાએ પોતાપોતાનું કામ ચાલુ કર્યુ હતું.

દાગીના બનાવવાનું કામ રોજેરોજ ચાલુ હતું એ દરમિયાન ગત તારીખ ૧/૧૨/૨૪ના સવારે સાડા અગિયારેક વાગ્યે હું મારા ઘરે હતો ત્યારે અમારા કારીગર દિપક બંગાળીએ ફોન કરી કહેલુ કે યુસુફઅલીને આપણે દાગીના બનાવવા જે સોનુ આપ્યું હતું તેમાંથી એક નંગ આશરી અઢી ગ્રામ રૂા. ૨૦૦૦૦ની ઘટ છે, તે કોઇએ ચોરી કર્યુ લાગે છે. આ વાત સાંભળી મેં કારખાને પહોંચી તા. ૧/૧૨/૨૪ના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં તેમાં બંગાળી કારીગર સાગોરહુશેન મીનરલ એસકે જે યુસુફઅલીના વાટકામમાં રાખેલા સોનાની ચોરી કરતો જોવા મળ્યો હતો. ત્યારબાદ મેં સાગોરહુશેન મીનરલ એસકેને મારી ઓફિસમાં બોલાવી પુછતાછ કરી હતી.

પહેલા તો તેણે ગલ્લા તલ્લા કર્યા હતાં પરંતુ સીસીટીવી ફૂટેજ તેને બતાવતાં તેણે કબુલ્યું હતું કે છેલ્લા બે માસથી હું થોડુ થોડુ સોનુ ચોરી કરતો હતો. આ સોનુ મને અપાતા સોનામાંથી અને બીજા કારીગરોને દાગીના બનાવવા અપાતા સોનામાંથી હું ચોરી લેતો હતો. અમે હિસાબ કરતાં સાગોરહુશેને કુલ રૂા. ૧૭,૫૦,૦૦૦નું ૨૪૦ ગ્રામ સોનુ ચોરીલીધાનું જણાયું હતું. આથી તેના વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. એ-ડિવીજનના પોલીસ ઇન્સ્પેક્ટર આર. જી. બારોટ, પીએસઆઇ એમ. ડી. ડાંગી અને ડી. સ્ટાફની ટીમે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. સાગોરહુશેને આ સોનુ ચોરીને કોને કોને આપ્યુ? કે વેંચી નાંખ્યું? તે સહિતની તપાસ હવે પછી થશે. અગાઉ પણ અમુક બંગાળી કારીગરો સોનુ કે દાગીના ચોરી છુમંતર થઇ ગયાની ઘટનાઓ બની હતી. હવે આ કિસ્સામાં બંગાળી કારીગર હાથમાં આવી ગયો હોઇ પોલીસે મુદ્દામાલ કબ્જે કરવા મહેનત કરી રહી છે.